જુનામાં જુનુ એટલે..
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ તેમજ જેન્ટસ સીંગર સાથે
-: સરનામું :-
ચાંદની ચોક, અમરેલી
ઝનકાર બ્રાસ બેન્ડ
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR/69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૮-૧૨-૨૦૨૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

Sheetal
ANY TIME TASTY
© 73000 51000

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ માગશર વદ ૩ વર્ષ : ૩૦ અંક ૧૦૩

અવધ હેરિટેજ રીસોર્ટમાં આપનું સ્વપ્ન થશે સાકાર...
આપના શુભ પ્રસંગો ઉજવો અવધ હેરિટેજ રિસોર્ટમાં
લગ્ન પ્રસંગ માટે ૧ દિવસનું પેકેજ માત્ર રૂા. ૧,૮૦,૦૦૦/-
વહેલા તે પહેલાના ધોરણે બુકીંગ માટે આજે જ સંપર્ક કરો
સંજયભાઇ : મો.૯૯૯૮૩ ૨૭૭૭૬ | તૃપેશભાઇ : મો.૯૭૧૨૭ ૫૦૨૦૮
મેરેજ પેકેજ
મેઇન ગેટ - મેઇન એન્ટ્રી - ગ્રાઉન્ડ લાઇટ - LED પાર લાઇટ - લેધર સોફા
કવર સાથે ચેર - સેલ્ફીઝોન - ૬૨ KV જનરેટર - મંડપ તથા લાઇટ ડેકોરેશન સાથે
KB GROUP
અવધ હેરિટેજ રીસોર્ટ
અમરપુર વરૂડી, તા.જી. અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮
Avadh HERITAGE RESORT "One step close to paradise"

## આહિર સમાજનાં સમુહલગ્નમાં હાજરી આપી પરત ફરતી વખતે પરિવારનો માળો વિખાયો

# ભાવનગર પાસે ગોજારો અકસ્માત : રાજુલા પંથકનાં ચારનાં મોત

### ત્રાપજ નજીક લકઝરી અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં રાજુલા વિસ્તારનાં ૩ બાળક સહિત ૪ વ્યક્તિઓના કમકમાટી ભર્યા મોત : જાફરાબાદ-ખાંભા વિસ્તારના ૧૧ લોકોને ઇજા : રાજુલા જાફરાબાદ માં શોકનું મોજું ફરી વળ્યુ

રાજુલા, (કનુભાઈ વરૂ)

ભાવનગર નજીક ત્રાપજ પાસે ખાનગી લકઝરી બસ અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં છ વ્યકિતઓના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા જેમાં રાજુલા જાફરાબાદ અને ખાંભા વિસ્તારના પણ લોકોનો થાય છે ત્યારે આ વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું



હતું.જાણવા મળતી વિગત મુજબ આજે વહેલી સવારે ભાવનગરના ત્રાપજ નજીક

(અનુ. પાના નં.૬)

LG Life's Good.
Auto Tub Clean
Keep Dust, Bacteria & Lint away with LG's Auto Tub Clean
Better Hygiene
More Lint removal
Enhanced Durability
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI. 365601
Ph: 9408159606 / 9974772377

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

સરકારી પ્રોજેક્ટમાં સ્ટાફની ભરતી
કોઇપણ ગ્રેજ્યુએટ અથવા સોસીયલ વર્કર
અમરેલી જિલ્લાના તાલુકા દીઠ ૨ વ્યક્તિ
પગાર : ૧૦ થી ૨૫૦૦૦
: સંપર્ક :
૯૪૨૮૯ ૪૩૧૨૩

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
નર્સિંગ સ્ટાફ (લેડીઝ)
(નાઇટ માટે) પગાર ધોરણ :
૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૮,૫૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૭-૧૨-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

ડો.ભાવેશ એમ.રામાનુજ
M.S., FMAS
જનરલ એન્ડ લેપ્રોસ્કોપીક સર્જન
- પેટને લગતા તમામ રોગોની સારવાર.
- એપેન્ડીક્ષ, પિતાશય, સાંરણગાંઠ, આંતરડા, પેટના જટીલ ઓપરેશન, દુરબીન (લેપ્રોસ્કોપી) થી થતા ઓપરેશન.
- થાઇરોઇડની ગાંઠની તપાસ અને ગળાને લગતા રોગોની તપાસ અને તેમના ઓપરેશન.
- હરસ, મસા, ભગંદર તથા હાઇડ્રોસીલ (વધરાવળ) ના ઓપરેશન.
- અકસ્માતે થતી ઇજાઓ (બ્રેઇન હેમરેજ, ચેસ્ટ ટ્રોમા) ની સારવાર.
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે અંડરબ્રીજ પાસે, અમરેલી
૦૨૭૯૨ - ૨૩૩૫૮૦ - ૨૨૯૫૮૦
મો.૬૩૫૩૧ ૧૩૭૭૨, ૯૪૨૯૬ ૮૯૩૮૯

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઇનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઇ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઇ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે : jaymatajitourandtravel.com

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડૉ.યશ ટીલાળા (યુરોલોજીસ્ટ-એન્ડ્રોલોજીસ્ટ) ૯૯૭૪૭ ૧૨૧૯૮, તા.૧૮-૧૨-૨૪ બુધવારે સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
ડૉ. વિરલ વસાણી (ન્યુરો સર્જન) ૯૦૯૯૫ ૫૫૭૪૭, તા.૧૯-૧૨-૨૪ ગુરૂવારે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડૉ. દર્શન પટેલ (હેડ એન્ડ નેક કેન્સર સર્જન) ૯૫૧૨૦ ૧૫૮૪૬, તા.૨૦-૧૨-૨૪ શુક્રવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડૉ. હાર્દિક ધમસાણીયા (ઓર્થોસ્કોપી,જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જન) ૯૫૧૨૦ ૧૫૮૪૬, તા.૨૦-૧૨-૨૪ શુક્રવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડૉ. સાગર બરાસરા (એન્ડોક્રાઇનોલોજીસ્ટ) ૯૮૭૭૧ ૭૧૨૭૧, તા.૨૧-૧૨-૨૪ શનિવારે સવારે ૧૦ થી ૦૧
ડૉ. અંગદ શેઠ (બેરીયાટ્રીક કાઉન્સીલર) ૭૫૭૪૦ ૦૩૫૫૨, તા.૨૧-૧૨-૨૪ શનિવારે સવારે ૧૦ થી ૦૧
ડૉ. મૈત્રેય જોષી (યુરોલોજીસ્ટ-એન્ડ્રોલોજીસ્ટ) ૯૪૦૯૦ ૪૨૪૪૫, તા.૨૧-૧૨-૨૪ શનિવારે સાંજે ૦૫ થી ૦૬
(જુના દરેક રીપોર્ટ સાથે લઇને આવવા)
નામ નોંધાવવા માટે - ફોન : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨ - ૨૯૬૪૩૪
અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો.ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો.૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો.કોમલ વ્યાસ ઉનડકટ મો.૯૯૧૩૬ ૪૮૪૩૦
(ડી.એન.બી.-ગાયનેક,ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)

Sheetal
થાબડી - ખજૂર યુક્ત
ગરમ દૂધ
શીતલ ગાર્ડન પાર્લર
અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.
સાંજે 7:00 થી 11:30

અઢી દાયકાથી લોકોમાં વિશ્વાસ જીતી સ્વાદનાં શોખીનો માટે વિશ્વસનીય તેલ....
૧૦૦% શુધ્ધ સીંગતેલ
બારે માસ ભરવાલાયક
11
સ્વાદ અને તંદુરસ્તી માટે...
ડબલ વન સીંગતેલ
શ્રી વિવેક ઓઇલ ઈન્ડસ્ટ્રીઝ
લીલીયા રોડ, ત્રિમંદિર સામે, અમરેલી - ૩૬૫ ૬૦૧.
ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૩૬, ૨૨૦૨૫૦
ફરેશભાઇ : ૯૮૭૯૫ ૯૮૯૯૩

## અમેરીકાથી ડો.રાજેશ પટેલ, ડો.ઉષાબેન પટેલ, ડો.જયશ્રીબેન ઘાડીયા અવધ હેરિટેજ રિસોર્ટની મુલાકાતે

# અવધ રિસોર્ટ જોઇ અમેરીકા યાદ આવી ગયું : ડો. રાજેશ પટેલ

**અમરેલીનાં અવધ હેરિટેજ રિસોર્ટમાં આધુનિક કહી શકાય તેવી તમામ સુવિધા સભર વ્યવસ્થા : આતિથ્યની આગવી પરંપરાને ઉજાગર કરતુ હેરિટેજ રિસોર્ટ**

**મેરેજ ફંક્શન, બર્થ-ડે, રિસેપ્શન જેવા નાના મોટા કાર્યક્રમો માટે આદર્શ સ્થળ : ફાઇવ સ્ટાર જેવી તમામ સુવિધાઓ અને મેનેજમેન્ટ બિરદાવવા લાયક**















અમરેલી,

અમરેલીનાં અમરપુર વરૂડી ગામે અવધ હેરિટેજ રિસોર્ટની મુલાકાતે ચિતલનાં વતની અને અમેરિકા સ્થિત ડો.રાજેશ પટેલ, ડો.ઉષાબેન પટેલ અને રાજકોટથી ડો.જયશ્રીબેન ઘાડીયા પધાર્યા હતાં અને અવધ હેરિટેજ રિસોર્ટ નિહાળી ભારે પ્રભાવિત થયા હતાં. મુલાકાત દરમિયાન ડો.રાજેશ પટેલ, ડો.જયશ્રીબેન ઘાડીયા, ડો.ઉષાબેન પટેલે અવધ હેરિટેજ રિસોર્ટને બિરદાવી પોતાની ખુશી વ્યક્ત કરી હતી. આ અંગે ડો.રાજેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, અમરેલી જેવા ગામમાં લોકોની જરૂરિયાત મુજબ અદ્યતન અને ફાઈવ સ્ટાર હોટલ કક્ષાનાં રૂમ સહિત અન્ય સુવિધાઓ બિરદાવવા લાયક છે. અવધ હેરિટેજ રિસોર્ટ જોઈને અમને અમેરિકા યાદ આવી ગયું તેમ ડો.રાજેશભાઇ પટેલે જણાવ્યું હતું. અમારી મુલાકાત અંગે શ્રી ભરતભાઈ ચૌહાણને જાણ થતા તેઓ તુરંત જ દોડી આવ્યાં હતાં અને અમોને રૂબરૂ મળી ભારે ખુશી થયા હતાં. તેમણે અમારી સાથે ફોટો સેશન્સ કરી જુના સંસ્મરણો યાદ કર્યા હતાં. તેમ ડો.રાજેશ પટેલે જણાવ્યું હતું. વધુમાં એવું પણ જણાવ્યું કે, માત્ર ને માત્ર દેવરાજબાપાનાં જુના સબંધો અને વ્યાપક લાગણીને કારણે આજે પણ સબંધો તેમની ત્રીજી પેઢીએ સચવાયા છે અને એવી જ ઉષ્માસભર લાગણી જોવા મળે છે. તેમ જણાવી ભારે પ્રભાવિત થયા હતાં. વધુમાં જણાવ્યું કે, અહીં અવધ રિસોર્ટમાં મેરેજ ફંક્શન સહિત નાના મોટા પ્રસંગોમાં જરૂરી તમામ સુવિધાઓ મળી રહે છે તે ખુશીની વાત છે. રિસોર્ટનો સતત વિકાસ થાય અને શ્રી દેવરાજબાપાની લીલી વાડીને હજુ વધુ સમૃધ્ધ કરે તેવી પ્રાર્થના સાથે ડો.રાજેશ પટેલે પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

# સતાધારનાં મહંત વિજયદાસબાપુ ઉપર પાયા વિહોણા આક્ષેપો લગાવીને સનાતન ધર્મને બદનામ કરવા પ્રયાસ

**અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે કેન્દ્રનાં ગ્રહ મંત્રીને રજુઆત કરી**

અમરેલી,

સતાધારનાં મહંત શ્રી વિજયદાસબાપુ ઉપર પાયાવિહોણા આક્ષેપો લગાવીને સનાતન ધર્મને બદનામ કરવા પ્રયાસો થઈ રહ્યાં અંગે કેન્દ્રનાં ગ્રહમંત્રી શ્રી અમિત શાહને પત્ર પાઠવી અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતે કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે, સતાધાર એક આસ્થાનું કેન્દ્ર છે. તેમાં અમરેલી જિલ્લાની જનતા ધાર્મિકતાની લાગણી સાથે જોડાયેલ છે ત્યારે સતાધારનું નામ બદનામ થાય અને લોકોની લાગણી દુભાય સત્તાધારમાં ધાર્મિક્તા સાથે સેવા પ્રવૃતિ પણ થઈ રહી છે. સનાતન ધર્મ સાથે જોડાયેલ બહોળો સમાજ છે. મહંતશ્રી વિજયદાસબાપુ ઉપર પાયા વિહોણા અને પુરાવા વગરનાં આક્ષેપો મુકી સનાતન ધર્મનું અપમાન કર્યુ છે. આવા ખોટા આરોપો મુકનાર સામે કાયદાકીય કાર્યવાહી કરવા અને આ પ્રકરણની સીબીઆઈ મારફત તપાસ કરવા માંગણી કર્યાનું શ્રી પ્રતાપ દુધાતે જણાવ્યું છે.



**સારહિ યથ કલબ-તાલુકા હેલ્થ કચેરીના સંયુક્ત ઉપક્રમે**

# અમરેલીના વોર્ડ નં. ૩માં આયુષ્યમાન ભારત કાર્ડ, રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

**શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, સુરેશભાઈ શેખવા, સંજય(ચંદુ)રામાણી અને નગર સેવકો નિલેષભાઈ ધાધલ, બિજેશભાઈ કુરૂંદલે, ખુશબુબેન દિગંતભાઈ, જયાબેન બારૈયા ઉપસ્થિત રહયા**



અમરેલ,

ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તળે તબીબી સહિતની આવશ્યક સરકારી યોજનાઓની સરળ ઉપલબ્ધતા આયુશ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી પ્રક્રિયા હાલમા ચાલી રહી છે આ પ્રક્રિયાનો બહોળા પ્રમાણમા લોકો લાભ લઈ રહયા છે પરંતુ આ પ્રક્રિયામા કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેઓને નજીક સુવિધા પુરી પાડવા સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા કચેરી-અમરેલી તરફથી અમરેલી શહેરના વોર્ડ નં.-૩ ના રામેશ્વર મહાદેવ મંદિર, સ્વામિનારાયણ નગર-૧, બ્રાહમણ સોસાયટી અમરેલી ખાતે કેમ્પનું આયોજન કરવામા આવેલ જેમા બહોળા પ્રમાણમાં લાભાર્થીઓએ ઉઠાવેલ હતો.

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
વિન્ટર કલેકશન
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુલી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
M to 5XL સુધી બધુંજ
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

### દસ્તાવેજ કરતા પહેલાની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મનોજભાઇ એન.દવે એડવોકેટ એન્ડ નોટરી ઓફીસ : ''દેવ કોર્પોરેટ'' બસ સ્ટેન્ડ પાસે, લીલીયા મોટા, જી.અમરેલી મો.૯૪૨૬૭ ૧૬૪૨૫ આથી જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમરેલી સબ ડિસ્ટ્રીક્ટ સા.કુંડલા તાલુકાના મોજે ગામ જુના સાવર ખાતા નં.૭૪ કે જેના સરવે નં. ૧૩૬ પૈકી ૨, કુલ હે.આરે.ચો.મી. ૪-૮૨-૬૦ ના આકાર રૂપીયા ૨૫.૫૦ ઉપરોક્ત જમીનમાંથી ૪૦ ગુંઠા (૨.૫૦) વિઘા રોડની ઉગમણી સાઇડથી વહેંચવાની છે. ની જુની શરતની ખેતીની જમીન જેના રેવન્યુ રેકર્ડ મુજબના ખાતેદાર (૧) ખુમાણ વાળબાઇબેન જીલુભાઇ તથા ખુમાણ બદરૂભાઇ જીલુભાઇ તથા ખુમાણ મધુભાઇ જીરુભાઇ તથા ખુમાણ ગભરૂભાઇ જીલુભાઇ રહે. ગામ જુના સાવર, તાલુકો સાવરકુંડલા ની સંયુક્ત માલીકીની કબજા ભોગવટાની બોજા સહિત હોવાનું જણાવ્યું તે અમોએ અમારા અસીલ કઇડા ભીખુભાઇ મામદભાઇ રહે. મોવીયા રોડ, ચિત્રકુટધામ, ગોંડલ, રાજકોટ - ૩૬૦૩૧૧ વાળા ખરીદવા માંગે છે. અને ટાઇટલ કલીયર સર્ટી અમારી પાસેથી માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો કે બાનાખત પાવર, બાનાચિઠી, કબજા હક્ક તેમજ વાંધો કે તકરાર હોય તો દિન-૭ (સાત) માં તે બદલના પુરાવાની સર્ટીફાઇડની નકલો સહિત લેખીતમાં રજીસ્ટર પોસ્ટ એડી.થી અમો એડવોકેટને જાણ કરવી અને જો તેમ કરવા કસુર કરવામાં આવશે તો તેવા તમામ હક્ક અધિકાર જતા યાને વેવ થયા છે તેમ સમજી મુદત વિતે દસ્તાવેજ કરી ટાઇટલ કલીયર સર્ટી આપીશુ ત્યારબાદ કોઇપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી તેની ગંભીર નોંધ લેવી.

મનોજભાઇ એન.દવે
એડવોકેટ એન્ડ નોટરી

### દસ્તાવેજ કરતા પહેલાની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મનોજભાઇ એન.દવે એડવોકેટ એન્ડ નોટરી ઓફીસ : ''દેવ કોર્પોરેટ'' બસ સ્ટેન્ડ પાસે, લીલીયા મોટા, જી.અમરેલી મો.૯૪૨૬૭ ૧૬૪૨૫ આથી જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમરેલી સબ ડિસ્ટ્રીક્ટ સા.કુંડલા તાલુકાના મોજે ગામ જુના સાવર ખાતા નં.૯૭૯ કે જેના સરવે નં. ૧૪૪ પૈકી ૨, કુલ હે.આરે.ચો.મી. ૧-૫૪-૭૯ ના આકાર રૂપીયા ૯.૦૬ ની જુની શરતની ખેતીની જમીન જેના રેવન્યુ રેકર્ડ મુજબના ખાતેદાર (૧) હિરાણી ઉકાભાઇ શામજીભાઇ તથા માદળીયા ઘનશ્યામભાઇ શાંતિલાલ રહે. ગામ જુના સાવર, તાલુકો સાવરકુંડલા ની સંયુક્ત માલીકીની કબજા ભોગવટાની બોજા સહિત હોવાનું જણાવ્યું તે અમોએ અમારા અસીલ કઇડા ભીખુભાઇ મામદભાઇ રહે. મોવીયા રોડ, ચિત્રકુટધામ, ગોંડલ, રાજકોટ - ૩૬૦૩૧૧ વાળા ખરીદવા માંગે છે. અને ટાઇટલ કલીયર સર્ટી અમારી પાસેથી માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો કે બાનાખત પાવર, બાનાચિઠી, કબજા હક્ક તેમજ વાંધો કે તકરાર હોય તો દિન-૭ (સાત) માં તે બદલના પુરાવાની સર્ટીફાઇડની નકલો સહિત લેખીતમાં રજીસ્ટર પોસ્ટ એડી.થી અમો એડવોકેટને જાણ કરવી અને જો તેમ કરવા કસુર કરવામાં આવશે તો તેવા તમામ હક્ક અધિકાર જતા યાને વેવ થયા છે તેમ સમજી મુદત વિતે દસ્તાવેજ કરી ટાઇટલ કલીયર સર્ટી આપીશુ ત્યારબાદ કોઇપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી તેની ગંભીર નોંધ લેવી.

મનોજભાઇ એન.દવે
એડવોકેટ એન્ડ નોટરી

### નામ બદલાવેલ છે

આથી હું ઉંઘાડ કલ્પેશભાઇ મનસુખભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ ઉંઘાડ કલ્પેશકુમાર મનસુખલાલ માંથી બદલાવીને ઉંઘાડ કલ્પેશભાઇ મનસુખભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું ઉંઘાડ કલ્પેશભાઇ મનસુખભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : ઉંઘાડ કલ્પેશભાઇ મનસુખભાઇ
એડ્રેસ : ઉંઘાડ શેરી, કૃષ્ણપરા, મુ.વડીયા, જી.અમરેલી - ૩૬૫૪૮૦

અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

એસટી ડેપો સામે દુકાન વેચવાની છે
અમરેલીમાં નવા એસ.ટી.બસ પોર્ટ સામે, જીમખાના શોપીંગ સેન્ટરમાં વ્યાજબી ભાવે
દુકાન વેચવાની છે
મો.૭૦૧૬૭ ૩૫૦૦૪

લેડીઝ સ્ટાફ જોઇએ છે
Number of Vaccanci...........03
Key Skills
- Office Administration.
- Office Management
- Office Coordination
- Tally Operator
- Basic Computer knowledge
- Accounting
Mo.98241 27092

॥ શ્રી વલ્લભ ॥
૨૦૨૫ની આકર્ષક નવી ડીઝાઈનમાં બોક્ષ - સેમી બોક્ષ માં લગ્ન
કંકોત્રી
માટે એકવાર અવશ્ય મુલાકાત લેશો.
શ્રીનાથજી કાર્ડ & પેપર્સ
નાગનાથ મહાદેવ બસ સ્ટેન્ડ પાસે, ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગની બાજુમાં, આદિત્ય એપાર્ટમેન્ટ, અમરેલી. મો. ૯૪૨૬૪ ૨૩૨૪૩

અમરેલીમાં દુકાનો વેચવાની છે
અમરેલીમાં ઇન્દીરા શોપીંગ સેન્ટરમાં મોકાની દુકાનો કસમાં વેચવાની છે
સંપર્ક : મો.૯૪૨૬૪ ૨૩૦૪૭

લોન..લોન..લોન..
ખેતીવાડી એક હેક્ટર ઉપર દસ લાખની લોન
ગામડાના સ્લેબવાળા મકાન પર લોન
મોર્ગેજ લોન, હોમલોન, પેટ્રોલ પંપ ઉપર લોન
મશીનરી માટે સબસીડીવાળી લોન
કોલેજ, સંકુલ, શૈક્ષણિક સંસ્થા માટે લોન
ઓલ ગુજરાતમાં લોન મળશે
કોન્ટેક્ટ : મો.૭૬૨૨૯ ૪૫૨૦૯

મકાન વેચવાનું છે
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

### શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર અમરેલી ધામ દ્વારા

# અમરેલીમાં પંચ દશાબ્દી મહોત્સવ યોજાશે

## પંચ દશાબ્દી મહોત્સવ નિમિતે શ્રીમદ સત્સંગી જીવન કથા પારાયણ તા. ૨૨ થી ૨૮ સુધી યોજાશે : વક્તા તરીકે પ.પુ. કોઠારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી કથા રસપાન કરાવશે

## શ્રી હરિકૃષ્ણ ગૌશાળા સામે ડો. પીઠડીયાની વાડી ધારી રોડ અમરેલી ખાતે મહોત્સવમાં દેશ વિદેશથી હરિભક્તો ઉમટી પડશે : મહોત્સવ માટે હરિભક્તો દ્વારા થઇ રહેલી તૈયારીઓ

અમરેલી,

અમરેલીમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર અમરેલી ધામ દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજ પંચ દશાબ્દી મહોત્સવનું આયોજન થયું છે. શ્રી હરિકૃષ્ણ ગૌશાળા સામે ડો.પીઠડીયાની વાડી સામે ધારી રોડ અમરેલી ખાતે પંચ દશાબ્દી મહોત્સવ અંતર્ગત શ્રીમદ સત્સંગીજીવન કથાપારાયણ તા. ૨૨ થી ૨૮ ડીસેમ્બર સુધી યોજાશે. જેમાં વક્તા તરીકે પુજ્ય શાસ્ત્રી હરિકૃષ્ણદાસજી સ્વામી તથા પ.પુ.કોઠારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી સુરત ખાસ પધારી પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવશે. આ પ્રસંગે પરમપુજ્ય આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા પરમપુજ્ય આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા સ્વામિનારાયણ સંતો ખાસ ઉપસ્થિત રહેશે. રંગીલા ઘનશ્યામજી મહારાજ, ધર્મદેવ ભક્તિમાતા તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ વગેરે દેવોની પ્રતિષ્ઠા ૨૦૦૯ માં થઈ હતી. જેના ૧૫ વર્ષ પુરા થતા પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશ પ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ.પુ.સદ્ગુરૂશ્રી ભક્તિ સંભવદાસ સ્વામીની પ્રેરણાથી તા.૨૨ થી તા.૨૮ સુધી મહોત્સવમાં વિવિધ પ્રસંગોની ઉજવણી સાથે પુજ્ય આચાર્ય મહારાજશ્રી તથા ધામેધામથી સંતો સંતો પધારશે તે માટે તૈયારીઓ થઈ રહી છે. સમસ્ત સત્સંગ સમાજ અમરેલી વતી કોઠારીશ્રી ગોપાલમુની દાસજી દ્વારા સમગ્ર વ્યકથા થઈ રહી છે. મહોત્સવનાં ઉદ્દઘાટક તરીકે પુ.મોહનપ્રસાદદાસ સ્વામી ધોરાજી, પુજ્ય મોહનપ્રસાદદાસજી સ્વામી પીપલાણા, પુજ્ય ભક્તિસંભવદાસજી અમરેલી અને દિપ પ્રાગટ્ય શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી વડીયા, લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી બગસરા અને અતિથિ વિશેષ પદે આચાર્યશ્રી દ્વારકેશલાલજી અમરેલી, શ્રી ભાવિનલાલજી મહારાજ ડાકોર ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે શ્રી દેવપ્રસાદદાસ સ્વામી રાજકોટથી મંગળ પ્રવચન કરશે. મહોત્સવમાં સર્વ મંગલદાસ સ્વામી, તિર્થસ્વરૂપદાસ સ્વામી, શ્રી દિવ્યેશ સાગરદાસ સ્વામી, પુજ્ય લીલાબેન, પુજ્ય જયાબેન, પુજ્ય મનહરબેન, પુજ્ય નીતાબેન ઉપસ્થિત રહેશે. યજમાન તરીકે જસમતભાઈ ખોડાભાઈ હપાણીની પુણ્ય સ્મૃતિમાં શ્રી અશોકભાઈ તથા અરવિંદભાઈ હપાણી મુંબઈનાં સુપુત્ર હર્ષ, દર્શન, સાહિલ તથા શ્રી રમણીકભાઈ જાદવભાઈ કાબરીયા અમરેલીનાં સુપુત્ર સુભાષભાઈ, શશીભાઈ, ગૌતમભાઈ, મુંબઈથી પધારશે. મુખ્ય યજમાન તરીકે દયાળભાઈ બાવચંદભાઈ પડસાળા, સુરેશભાઈ દયાળભાઈ પડસાળા, લાલજીભાઈ દયાળભાઈ પડસાળા તથા વિષ્ણુયાગનાં યજમાન તરીકે શ્રી નરસિંહભાઈ વિરજીભાઈ સોરઠીયા, અ.સૌ.અરૂણાબેન સોરઠીયા, શ્રી સાહિલ નરસિંહભાઈ સોરઠીયા, તિથી સાહિલભાઈ સોરઠીયા તથા અન્નકુટનાં, સમુહ મહાપુજાનાં સંત પુજાનાં અન્નકુટનાં, સમુહ પુજાનાં રાજોપચાર પુજનનાં અને ગૌપુજનનાં તથા રસોડાનાં યજમાનશ્રીઓ ખાસ ઉપસ્થિત રહેશે. શાકોત્સવનાં મુખ્ય યજમાન તરીકે છગનભાઈ ભાદાભાઈ નાકરાણી, શૈલેષભાઈ તથા ચિરાગભાઈ પણ સેવા આપશે. આ કાર્યક્રમમાં શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી પરશોતમભાઈ રૂપાલા, શ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી ભરતભાઈ સુતરીયા, શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જે.વી.કાકડીયા, શ્રી હિરાભાઈ સોલંકી, શ્રી જનકભાઈ તળાવીયા, શ્રી નારણભાઈ કાછડીયા, શ્રી રાજેશભાઈ કાબરીયા, પ્રતાપભાઈ દુધાત, ભગીરથભાઈ ત્રિવેદી, અશ્વિનભાઈ સાવલીયા, બિપીનભાઈ લીંબાણી, પરેશભાઈ ધાનાણી, બાવકુભાઈ ઉંધાડ, વિરજીભાઈ ઠુંમર, મુકેશભાઈ સંઘાણી, ભાવેશભાઈ સોઢા, પી.પી.સોજીત્રા, હિરેનભાઈ હિરપરા, મનિષભાઈ સંઘાણી, પ્રદિપભાઈ ભાખર તથા કાળુભાઈ ભંડેરી, દકુભાઈ ભુવા, વસંતભાઈ મોવલીયા, વજુભાઈ ગોલ, કાંતિભાઈ વઘાસીયા, મનુભાઈ દેસાઈ, પ્રેમજીભાઈ ડોબરીયા, રમેશભાઈ કાથરોટીયા, ધનજીભાઈ રાખોલીયા, બળવંતભાઈ માંગરોળીયા, કાળુભાઈ સુહાગીયા, અશોકભાઈ કોઠીયા, હરજીવનભાઈ ટાંક, રજનીભાઈ ગજેરા, રાજુભાઈ ધાનાણી, ભરતભાઈ કોઠીયા, ધનજીભાઈ રોકડ, કિશોરભાઈ શીરોયા, ડો.વિરલ ગોયાણી, ડો.પ્રદિપભાઈ ઘડુક, પરેશભાઈ કોઠીયા, નિતીનભાઈ રાજપરા, મનોજભાઈ કાનાણી, વિજયભાઈ વસાણી, ડો.જી.જે.ગજેરા, ડો.ભરત પાડા, સૌરભભાઈ મકવાણા, જસવંતભાઈ ફીણાવા, ચિરાગભાઈ ગજેરા, ડી.કે.રૈયાણી તથા જુનાગઢ ટેમ્પલ બોર્ડનાં ચેરમેન પુ.શ્રી પરશોતમપ્રકાશ દાસજી, મુખ્ય કોઠારી પ્રેમ સ્વરૂપદાસ સ્વામી અને ટ્રસ્ટીઓ રાધારમણ દાસ સ્વામી, સરજુદાનંદ બ્રહ્મચારી, હિરેન ભગત, બળવંતભાઈ ધામી, રાજેશભાઈ માંગરોળીયા, પી.પી.પડસાળા, નટુભાઈ બોરીસાગર, વિવેકભાઈ ગોહિલ ઉપસ્થિત રહેશે. તા.૨૨ નાં રોજ પોથીયાત્રા અને મહોત્સવ ઉદ્દઘાટન, સવારે ૧૦ વાગ્યે તા.૨૩ નાં સત્સંગ સભા, રાસોત્સવ, તા.૨૪ નાં ગૌપુજન, મહાપુજા, લોકડાયરો, તા.૨૫ નાં રોજ યજ્ઞોપવિત, રક્તદાન કેમ્પ, શાકોત્સવ અને સાંસ્કૃતિ કાર્યક્રમો, તા.૨૬ નાં રોજ જલયાત્રા, યજ્ઞ પ્રારંભ અને પુજન તથા સાંજે ઘરસભા, તા.૨૭ દેવોનો મહાઅભિષેક, અન્નકુટ અને પંચાળાનો રાસ તથા રાત્રે લોકડાયરો, તા.૨૮ શનિવારે મહોત્સવની પુર્ણાહુતિ બપોરે ૧૨ કલાકે થશે જેનો લાભ લેવા જણાવ્યું છે.

### ૧૯૭૩ની બેચના ૨૫ નિવૃત આઇપીએસ અધિકારીઓ સાથે

# રાજયના પુર્વ ડીજીપી શ્રી એસ. એસ. ખંડવાવાલા અવધ હેરીટેજની મુલાકાતે

## ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના એન્ટી કરપ્શન યુનિટના વડા રહી ચુકેલ શ્રી એસ. એસ. ખંડવાવાલા નિવૃત આઇપીએસ અધિકારીઓ સાથે સૌરાષ્ટ્રના પ્રવાસે



અમરેલી,

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના એન્ટી કરપ્શન યુનિટના વડા રહી ચુકેલ ગુજરાતના નિવૃત ડીજીપી શ્રી એસ.એસ. ખંડવાવાલા ૧૯૭૩ની બેચના ૨૫ નિવૃત આઈપીએસ અધિકારીઓ સાથે સૌરાષ્ટ્રના પ્રવાસે આવ્યા હોય તેઓએ અમરેલી અવધ હેરીટેજની મુલાકાતે પધાર્યા હતા.

શ્રી શબીર હુસૈન શેખાદમ ખંડવાવાલા ૧૯૭૩ બેચના આઈપીએસ અધિકારી છે અને ડિસેમ્બર ૨૦૧૦ માં ગુજરાતના ડીજીપી તરીકે નિવૃત્ત થયા અને પછી એક દાયકા સુધી બહુરાષ્ટ્રીય કંપનીમાં સલાહકાર તરીકે સેવા આપી ચુકયા છે અને તેઓ કેન્દ્ર સરકારની લોકપાલ સમિતિના સભ્ય પણ હતા.

૧૯૭૩ની બેચના નિવૃત આઈપીએસ અધિકારીશ્રીઓ સાથે તેઓ અવધ હેરીટેજ ખાતે ટુંકી મુલાકાતે પધાર્યા હતા અવધ હેરીટેજ ખાતે આઈપીએસ શ્રી વલયવૈદ્ય, ક્રાઈમ બ્રાંચના પીઆઈ શ્રી અલ્પશ પટેલ, શ્રી એમબી ગોહીલ અવધ ટાઈમ્સના શ્રી વિજય ચૌહાણ, શ્રી રોમીલ ચૌહાણ સહિતે તેમનું વેલકમ કર્યુ હતુ. શ્રી ખંડવાવાલા તથા તેમના સાથી અધિકારીઓએ અવધ હેરીટેજને બીરદાવ્યું હતુ.

# અમરેલી જિલ્લામાં જંત્રીનો ભાવ વધારો બંધ રાખવા માંગણી

## અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સે કલેકટરને ધારદાર રજુઆત કરી



અમરેલી,

સરકાર દ્વારા જંત્રીનો ભાવ આવી રહયા છે ત્યારે નાના મકાન ધારકોને અસહય ભાવ વધારો આવી શકે તેમ હોય અમરેલી જિલ્લો પછાત જિલ્લામાં છે અહીં કોઈ ઉદ્યોગ કે મોટી ફેકટરી ન હોય ખેતી આધારીત હોય હાલ મંદીનો માહોલ છે ત્યારે જંત્રીનો વધારો મરણ તોલ ફટકો સાબિત થશે. તેવુ લાગી રહયુ છે નાના માણસોએ મકાનની કિંમત જેટલી જંત્રી ભરવી પડે તો કોઈપણ નાના માણસને પોસાય નહી અને પોતાનુ મકાન બનાવી શકે નહી જમીનના ભાવ તથા પ્લોટના ભાવ એરીયા પ્રમાણે હોય છે જમીન અત્યારે જે રોડ વિકસતો નથી તેવા રોડ ઉપર જમીનની કિંમત પાંચથી સાત લાખની મળતી હોય છે જંત્રીના ભાવ પ્રમાણે ૩૫ થી ૪૦ લાખ થાય તેમ છે માટે દસ્તાવેજ પણ થતા નથી અને તેવા એરીયામાં લે વેચ પણ થતી નથી સરકારને સ્ટેમ્પ ડયુટીની આવક પણ થતી નથી માટે દરેક એરીયા મુજબ જોન પાડીને સર્વે કરી અલગ અલગ એરીયા મુજબ જંત્રીની કિંમત નકકી કરવી જરૂરી છે.

સરકારે ૨૦૨૩ માં જંત્રીની કિંમત વધારેલ છે તે પણ વધારાની કહેવાય હાલ નવી કિંમત સરકાર દ્વારા લાદવામાં આવી તે અસહય હોય તેથી યોગ્ય કાયદો લાવી સરળતાથી રેતી મળી રહે તેવી ગોઠવણ કરવા અને વાંધા સુચનો હોય તો ઓનલાઈન રજુઆત કરવી તેવો નિયમ છે તે પણ ખુબ જટીલ છે પોતાની લેખીતમાં રજુઆત કરી શકે તેવી ગોઠવણ અનિવાર્ય છે દરેક એરીયામાં અલગ અલગ સર્વે કરાવી જંત્રીના ભાવ નકકી કરવા ચેમ્બર ઓફ કોમર્સે કલેકટરને રજુઆત કર્યાનું પ્રમુખ શ્રી ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, દિનેશભાઈ ભુવા, બાબુભાઈ કાબરીયા, જીલુભાઈ વાળા, ઘનશ્યામભાઈ રૈયાણી, યોગેશભાઈ કોટેચા, મજબુતસિંહ બસીયા, હકુભાઈ ચૌહાણ, મુકુંદભાઈ ગઢીયાએ સંયુક્ત યાદીમાં જણાવી રજુઆતની નકલ કૌશીકભાઈ વેકરીયાને પણ પાઠવેલ છે.

# રાજ્યના ૨૬ ટીડીઓ કક્ષાનાં અધિકારીઓની બદલી

## અમરેલી ડીઆરડીએનાં ટીડીઓ સુશ્રી હીમાદ્રીબા સરવૈયાની બદલી

અમરેલી,

રાજ્યનાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૨૬ ટીડીઓ કક્ષાનાં વર્ગ ૨ ના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં મદદનીશ પ્રયોજન અધિકારી સુશ્રી હીમાદ્રીબા પી. સરવૈયાની ગાંધીનગર ખાતે વિકાસ કમિશ્નર કચેરીનાં ચીફનીસ્ટ તરીકે બદલી કરવામાં આવી છે. તેમ સરકારના ઉપસચિવ પિયુષ રાજવંશીએ જણાવ્યુ છે.

### ડેમ ઉપર જોખમ હોવાની આસપાસના ગામોની રજુઆતને પગલે સરકાર દ્વારા નિર્ણય

# રાજુલા પંથકમાં ત્રણ ક્વોરી લિઝને બ્લાસ્ટિંગ ન કરવા આદેશ

## સીસ્મોલોજીની ચકાસણી ન થાય ત્યા સુધી બ્લાસ્ટિંગ બંધ રાખવા અને દુષિત પાણીનો નિકાલ કરવા તાકીદ કરાઇ

રાજુલા, (જયદેવ વરૂ)

ધાતરવડી ડેમ ઉપર જોખમ હોવાની આસપાસના ગામોની રજુઆતને પગલે સરકાર દ્વારા રાજુલા પંથકમાં ત્રણ ક્વોરી લિઝને બ્લાસ્ટિંગ ન કરવા આદેશ આપી સીસ્મોલોજીની ચકાસણી ન થાય ત્યા સુધી બ્લાસ્ટિંગ બંધ રાખવા અને દુષિત પાણીનો નિકાલ કરવા તાકીદ કરાઈ છે.

રાજુલા પંથકમાં ખેડૂતોના જીવાદોરી સમાન ધાતરવડી ડેમ ૧ની સામે ૩ ક્વોરી લિઝો (ભરડીયા) ડેમની નજીક હોવાને કારણે તેની અસર ધાતરવડી ડેમ ઉપર થતી હોવાની ફરિયાદો ઉઠી હતી જેમા ભાક્ષી, વાવેરા, મોટા આગરીયા, ધારેશ્વર, સહિત ગ્રામ પંચાયત અને સરપંચો ખેડૂતો સહિત સાથે મળી લેખિત-મૌખિક રજૂઆતો, સુત્રોચાર સાથે આવેદન આપવામાં આવ્યું હતું જેથી દર્શન મિનરલ્સ સહિત ત્રણ લિઝની અંદરનું પાણી બ્લાસ્ટિંગના કારણે દૂષિત થતું હોય તેનો નિકાલનો અન્ય વિકલ્પ શોધી અને ગૌચરણ જમીનમાં જો કોઈ દબાણ હોય તો દૂર કરવુ તથા બ્લાસ્ટિંગ થવાના કારણે ડેમને નુકસાન થવાની બાબત લોકમાનસ જીવન સાથે જોખમ સાથે સંકળાયેલી જેની ગંભીરતા ધ્યાને લેતા જયાં સુધી સીસ્મોલોજી ગાંધીનગરનો ઈન્વેસ્ટિગેશન સર્વે કરવા અંગે ડેમ સાઈટ ઉપર સિસ્મોલીજીક સાધનો ઈન્સ્ટોલ કરી મોનીટરીંગની કાર્યવાહી ચાલુ ન થાય ત્યાં સુધી તકેદારીના ભાગરૂપે લિઝોમાં બ્લાસ્ટિંગ ન કરવા સૂચના લેખિતમાં આપવામાં આવી છે.

વાવેરા ગામના ખેડૂત ચંપુભાઈ ધખડાએ કહ્યું ધાતરવડી ડેમ ૧ પાણી ઉપર નભતા આ વિસ્તારના ખેડૂતો પશુપાલકોની આ વેદના પીડા દુઃખની નોંધ લેવાય છે.

## ॥ બેસણું ॥



**સ્વ.કિશોરભાઇ બાવાભાઇ ભટ્ટી (ઉ.વ.૭૪)**

**સ્વ.તા.૧૪-૧૨-૨૦૨૪, ગામ : દીતલા હાલ : અમદાવાદ**

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી કિશોરભાઇ બાવાભાઇ ભટ્ટી તા.૧૪-૧૨-૨૦૨૪ ને શનિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

**-:: સદગતનું બેસણું ::-**

તારીખ : ૧૯-૧૨-૨૦૨૪ ને ગુરૂવાર

સમય : બપોરે ૨:૦૦ થી ૫:૦૦ કલાક સુધી રાખેલ છે.

સ્થળ : મુ.દીતલા, તા.ધારી, જી.અમરેલી

લી.

હરસુરભાઇ ખોડાભાઇ ભટ્ટી મો.૯૫૭૪૩ ૬૧૯૦૧

મનુભાઇ ગભરૂભાઇ ભટ્ટી મો.૯૮૨૪૧ ૩૭૭૨૦

પથિકભાઇ કિશોરભાઇ ભટ્ટી મો.૯૯૭૮૬ ૦૪૮૭૮

હેમુભાઇ કિશોરભાઇ ભટ્ટી મો.૯૮૨૪૬ ૦૨૨૬૫

જીગ્નેશભાઇ લાલજીભાઇ ભટ્ટી મો.૯૯૯૮૪ ૮૪૮૬૭

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

બ.ડે.રજી.કેસ નં.૧૪૪/૨૪..............................નં.એમએજી/વશી/૬૮૭/૨૦૨૪

તા.૧૨-૧૨-૨૦૨૪

અરજદાર :- શ્રી નાગજીભાઈ કરશનભાઈ બાળધા રહે.માલસીકા, તા.ધારી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી માલસીકા ગ્રામ પંચાયત તા.ધારી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી નાગજીભાઈ કરશનભાઈ બાળધા રે. માલસીકા વાળાએ તેમના બહેન જયાબેન શંભુભાઈ બાળધાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૬૪ ના રોજ ધારી તાલુકાના માલસીકા ગામ મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૨૬-૧૨-૨૦૨૪ ના રોજ ૦૪:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધારી**












## -:: જાહેર નોટીસ ::-

મોજે રાજુલા (જી.અમરેલી) મુકામે એસ.બી.આઇ. મેઇન શાખા સામેના ખાંચામાં, કુંભારવાડા વિસ્તારમાં રાજુલા સીટી સર્વે નં.૩૬૫૬, ચોરસ મીટર - ૮૭.૭૧ તથા સીટી સર્વે નં.૩૬૫૭, ચોરસ મીટર - ૧૮.૨૭ માં અમીરઅલી સમસુદિનભાઇ ડોસાણી રહે. રાજુલાવાળાની સ્વતંત્ર માલીકીની કબજા ભોગવટાની ગ્રાઉન્ડ ફલોર વાણિજ્ય હેતુ માટેની દુકાન તથા ફર્સ્ટ ફલોર તથા સેકન્ડ ફલોર વાળી રહેણાંકના હેતુની મિલ્કત આવેલ છે, અને સદરહુ મિલ્કત સીટી સર્વે કચેરી - રાજુલાના રેકર્ડમાં અમીરઅલી સમસુદિનભાઇ ડોસાણીના નામે ચાલે છે.

ઉપર જણાવેલ મિલ્કત અમીરઅલી સમસુદિનભાઇ ડોસાણી પાસેથી અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી માલીકી હક્કે અઘાટ ખરીદ કરવા માંગે છે, જેથી સદરહુ ઉપર જણાવેલ મિલ્કતો પરત્વે જો કોઇનો કોઇપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિત કે હિસ્સો કે વારસાઇ હક્ક કે ભરણ પોષણનો હક્ક કે બેંકનો બોજો, લીયન કે કોઇપણ ત્રાહેત વ્યક્તિનો હક્ક, હિત હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૫ (પાંચ) માં નીચે જણાવેલ સરનામે અમોને લેખીત દસ્તાવેજ આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઇનો વાંધો તકરાર નહી આવે તો ઉપરોક્ત મિલ્કતમાં કોઇનો કાંઇપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિત, હિસ્સો, વારસાઇ હક્ક કે ત્રાહેત વ્યક્તિનું લેણુ કે બોજો લીયન નથી અને હોય તો તે જતા (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ સદરહુ મિલ્કતો ખરીદ કરશે ત્યાર બાદ જો કોઇના વાંધા કરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની તમામે ગંભીરપણે નોંધ લેવી.

સ્થળ : રાજુલા

| | | |
|---|---|---|
| તારીખ : ૧૭-૧૨-૨૦૨૪ | (દિનેશ આર.નિર્મલ) | (જતીન એ.પરમાર) |
| એસ.ટી. સ્ટેશન પાસે, | એડવોકેટ એન્ડ | એડવોકેટ |
| રાજુલા સીટી, જી.અમરેલી | નોટરી પબ્લીક | |




AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૮-૧૨-૨૦૨૪ બુધવાર

# હજુ આગામી એક વરસ સુધી તો ભારતીય અર્થકારણમાં શિયાળાની જેવું ધુમ્મસ રહેશે

દેશના અર્થતંત્રને મંદીની પહેલી અસર થઈ હોય એવા જીડીપીના આંકડાઓ જાહેર થયા છે. આપણા દેશમાં કરવેરા ચૂકવનારાઓની સરખામણીમાં કરચોરોની સંખ્યા અનેકગણી છે. હવે આ કરચોરો પાસેથી પેટ્રોલ ડિઝલના ભાવવધારાના બહાને અત્યારે કર જ લેવામાં આવે છે. કેટલાક કોંગ્રેસીઓ બીજા દેશોના દાખલા આપે છે પણ એ દેશોના નાગરિકો કેટલી નિષ્ઠાપૂર્વક કરવેરા ભરે છે એ વાત કહેતા નથી. કોંગ્રેસ કહે છે કે એક તરફ માર્કેટમાં ગભરાટ છે અને મોંઘવારીથી ત્રસ્ત પ્રજાની માથે રોજેરોજ પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો ઝીંકવામાં આવી રહ્યો છે, તો બીજી તરફ ઉદ્યોગ-વ્યાપાર ક્ષેત્રે પણ ભારે ગભરાટ જોવા મળી રહ્યો છે. ખરેખર તો એવું કંઈ નથી સહુ લહેરથી પોતપોતાના ધંધાપાણી ચલાવે છે પણ નવરા પડે એટલે સરકારની ટીકા કરવાની ફેશન થઈ ગઈ છે. હકીકતમાં ભારતીય અર્થતંત્ર મજબૂત થયું છે પરંતુ કોંગ્રેસ પ્રેરિત દેકારો હજુ શાંત થતો નથી.

એક તરફ અર્થતંત્ર અને આર્થિક વ્યવહારો સાથે સંકળાયેલા વર્તુળોને વૈશ્વિક કારણોને લઈને આવી રહેલા ઝટકાની સાથે સાથે સરકારની નીતિરીતિ દેશને પાટે ચડાવવામાં વ્યસ્ત છે. નાણાં મંત્રાલય દરરોજ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને નિર્ણય લે છે. ખુદ સરકારે આંતરરાષ્ટ્રીય પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે, કોંગ્રેસ શસ્ત્રસોદાઓ સંબંધિત ડીલના મુદ્દે ભાજપને ઘેરી રહી છે અને મોદીએ પોતાની કેબિનેટને વિશ્વાસમાં લીધા વગર કેટલાક આંતરરાષ્ટ્રીય ડીલ કરી લીધા હોવાનો આક્ષેપ કરી રહી છે. ખરેખર તો સંરક્ષણની બાબતોમાં વડાપ્રધાનને કેટલાક વિશેષાધિકાર મળેલા છે.

કોંગ્રેસે અગાઉ 'કેગ'ને આવેદન આપ્યા પછી હવે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન સમક્ષ ગઈ છે, અને ત્યાં મોદી સરકાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. કોંગ્રેસે ફરતો કરેલો એક જુનો વીડિયો પણ દેશભરમાં ચર્ચાસ્પદ બન્યો છે. આ વીડિયોમાં ફ્રાન્સની દસોલ્ટ કંપનીના વડા એચએએલ સાથે રફાલ સોદાના કરારો થયા હોવાનું સ્વીકારતા સંભળાય છે. આ વીડિયોની સત્તાવાર પૃષ્ટિ થઈ નથી, પરંતુ તેના પર કોમેન્ટ પણ ખૂબ જ રસપ્રદ રીતે થઈ રહી છે. રાફેલ વિમાનોની કથામાં હાથી અને અંધજનોની વાર્તા જેવી દશા છે. જેને જેમ લાગે તેમ કહે છે. ગઈકાલે પાકિસ્તાને રફાલ ડીલના મુદ્દે ભારતની ટીકા કરી, તેવી વાતો ઊઠ્યા પછી તેના પ્રત્યાઘાતો પણ પડ્યા. ભાજપે કહ્યું કે કોંગ્રેસ અને પાકિસ્તાન સમાન વાત કરે છે, તો ઉકળી ઊઠેલા સુરજેવાલાએ વળતો જબ્બર પ્રહાર કર્યો અને દૃષ્ટાંતો સાથે કહ્યું કે જ્યારે જ્યારે ભાજપ મુસીબતમાં હોય છે, ત્યારે ત્યારે તેને પાકિસ્તાન યાદ આવે છે. જો કે કોંગ્રેસને પણ ભાજપની ટીકા કરવા માટે વારંવાર પાકિસ્તાનનો ઉલ્લેખ કરવાની ટેવ પડી ગઈ છે.

બીજી તરફ શેરબજાર અચાનક કડડભૂસ થયા કરે છે તેના વૈશ્વિક કારણો ઉપરાંત સ્થાનિક કારણો પણ છે. નીતિન સાંડેસરા પણ ભાગી ગયો હોવાની વાતો પછી સરકારે એને નાઈજિરીયાથી શોધી કાઢ્યો છે અને એને ભારત લાવવા માટે કાર્યવાહી ચાલુ કરી દીધી છે. પાંચ કરોડ લઈને ભાગી જતા આ ડિફોલ્ટરોના કારણે દેશનું અર્થતંત્ર કંઈ રાતોરાત બેહાલ થઈ ગયું નથી. પરંતુ દેશની કોઈ પણ ઘટના વિશે ભાજપ પર માછલા ધોવા એ એક માત્ર કોંગ્રેસનું કામ છે. બેંકો મનસ્વી રીતે ધિરાણ કરે અને તેના અધિકારીઓ તેમાંથી મલાઈ તારવી લેતા હોય કે ન હોય તો પણ તેનો બોજ અને બદનામી એકલા ભાજપે જ શા માટે ભોગવવાની? ભાજપે જ તો બેન્કોની જે સાચી દશા હતી એ ખુલ્લી કરી ને સહુને બતાવી. ખરેખર તો મનસ્વી રીતે ધિરાણ કરનારાઓને પણ વ્યક્તિગત રીતે જવાબદાર ગણીને તેની જેટલી હોય તેટલી મિલકત જપ્ત કરીને કાનૂની રાહે અદાલતોના માધ્યમથી જીવનભર જેલમાં નાંખવા જોઈએ અને એ દિશામાં અત્યારે સરકારે કામ ચાલુ કરેલું જ છે.

વર્લ્ડ બેંકે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ભારતનો વિકાસ દર ૭.૩ ટકા રહે તેવું અનુમાન લગાવ્યું છે. વૈશ્વિક સંસ્થાનું કહેવું છે કે જીએસટી લાગુ થયા બાદ વિકાસ દરમાં નોંધાયેલા પ્રાથમિક ઘટાડામાંથી ભારતીય અર્થવ્યવસ્થા ઉપર ઉઠી શકી છે. કોંગ્રેસે વિશ્વ બેન્કના અહેવાલોનાય પાના ઉથલાવી જોયા પણ એમાં તો ઉજ્જ્વળ ભવિષ્ય હોવાથી એ અંગે મૌન પાળી લીધું છે. વર્લ્ડ બેન્કે પોતાના સાઉથ એશિયા ઈકોનોમિક ફોકસ રિપોર્ટમાં તો એમ પણ કહ્યું છે કે ભારતના અર્થતંત્રમાં સુધારણાની સ્થિતિને કારણે આ ક્ષેત્રે (દક્ષિણ એશિયા)એ દુનિયામાં સૌથી ઝડપથી વધતા ક્ષેત્રનો દરજ્જો ફરીથી પ્રાપ્ત કરી લીધો છે. જો કે વિશ્વ બેન્કે વચગાળાના ખાનગી રોકાણની વાપસીને મોટો પડકાર ગણાવ્યો છે. તેમના મતે દેશમાં પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટસ વધારવામાં કેટલીય સ્થાનિક અડચણો જે યુપીએ સરકાર વખતે હતી તે હવે નથી.

અગાઉની યુપીએ સરકારની બન્ને ઈનિંગમાં રોકાણકારો હેરાન થઈ ગયા હતા. એ વખતે દેશમાં કંપનીઓ પર વધતા દેવા અને નીતિગત પડકારો વગેરે હતા જે હવે સુગમ થયા છે. વર્લ્ડ બેન્કના મતે અમેરિકામાં વ્યાજ વધવાની પણ ભારતમાં ખાનગી રોકાણના રૂખ પર નકારાત્મક અસર પડી શકે છે. વિશ્વ બેન્કે કહ્યું કે ભારતને પોતાનો રોજગાર દર યથાવત રાખવા માટે વાર્ષિક ૮૧ લાખ રોજગારી ઉભી કરવાની જરૂર છે. રિપોર્ટના મતે દર મહિને ૧૩ લાખ નવા લોકો કામકાજ કરવાની ઉંમરમાં પ્રવેશ કરે છે.

### જિલ્લામાં યમરાજાનાં આંટાફેરા હોય તેમ મોતના બનાવોમાં વધારો

# અમરેલી જિલ્લામાં અપમૃત્યુંના વધુ ત્રણ બનાવો

### દામનગરમાં વૃધ્ધાનું દાઝી જતા, અમરેલીમાં પ્રૌઢનું ગળાફાંસો ખાઈ જતા, ભાકોદરમાં યુવાનનું ગળાફાંસો ખાઈ જતા મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન અપમૃત્યુંના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. ત્યારે જીલ્લામાં અપમૃત્યુંના વધુ ત્રણ બનાવો પોલિસમાં જાહેર થયા હતા. જેમાં દામનગરમાં વૃધ્ધાનું દાઝી જતા, અમરેલીમાં પ્રૌઢનું ગળાફાંસો ખાઈ જતા, ભાકોદરમાં યુવાનનું ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયું હતું. દામનગર શિવનગરમાં રહેતા નીતાબેન રસીકભાઈ ત્રિવેદી ઉ.વ.૭૦ ને છેલ્લા ૩૫ વર્ષથી વાયની બિમારી હોય. તા.૧૫-૧૨ ના રાત્રિના ૯ વાગ્યે પોતાના ઘરે પોતે પોતાની મેળે પોતાના શરીરે આગ લગાવી છાતી તથા પેટના ભાગે સખત દાઝી જતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મનિષભાઈ રસીકભાઈ ત્રિવેદીએ દામનગર પોલિસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં અમરેલી જેસીંગપરા સુળીયા ટીંબે રહેતા જગાભાઈ વેરશીભાઈ પરમાર ઉ.વ.૪૫ ની માનસિક સ્થિતિ સારી ન હોય. જેથી પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું પત્નિ દેવકુબેન જગાભાઈ પરમારે અમરેલી સીટી પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયારે ત્રીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના ભાકોદર ગામે મુળ ઝારખંડના સંતોષ નાગેશ્વર ચૌધરી ઉ.વ.૨૦ અવાર નવાર માથાનો દુઃખાવો અસહય થતો હોય. જેથી દુઃખાવાથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું મનોજભાઈ નાગેશ્વર ચૌધરીએ જાફરાબાદ પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# લીલીયાના ગુંદરણમાં બાઈકને આઈસરે હડફેટે લેતા વૃધ્ધનું મોત : મહિલાને ઈજા

### બાઈક સાથે ભટકાવી વૃધ્ધને માથામાં ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી ગયો

અમરેલી, લીલીયા તાલુકાના ગુંદરણ ગામે દામનગર લીલીયા રોડ ઉપર અલારખભાઈ મામજીભાઈ બોળાતર ઉ.વ.૬૦ રહે.ગુંદરણ પોતાનું બજાજ સીટી- ૧૦૦ જી.જે.૨૦ એ.એફ. ૯૫૨૬ માં આલુબેન નાનજીભાઈ પરમારને પાછળ બેસાડી ગુંદરણથી લીલીયા જતા રોડ ઉપર દામનગર તરફથી આવતું આઈસર વાહન જી.જે.૧૪ ડબલ્યુ ૬૫૫૬ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ગંભીર અકસ્માત કરી અલારખભાઈને માથામા તથા શરીરે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી બાઈક પાછળ બેઠેલ આલુબેન નાનજીભાઈ પરમારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી અકસ્માત કરી નાસી ગયાની અકબરભાઈ અલારખભાઈ બોળાતરે લીલીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી લીલીયા રોડ ચોકડીએ આઈસર ગાડીએ બાઈકને હડફેટે લેતા વૃધ્ધને ઈજા

### બાઈક સાથે ભટકાવી વૃધ્ધને ડાબા પગમાં ઈજા કરી નાસી ગયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી લીલીયા રોડ ચોકડીએ વિનોદકુમાર શામજીભાઈ પટેલ ઉ.વ.૬૮ રતિભાઈનું મોટર સાયકલ લઈને અમરેલી સેન્ટ્રલ બેંકમાં આવતા અમરેલી લીલીયા રોડ ચોકડીએ પહોંચી રોડની બંને સાઈડ જોઈ બાઈક ઓળંગવા જતા એક અજાણ્યા આઈસરે જી.જે. ૨૭ વી.૮૫૭૪ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી અચાનક ગોળાઈ લેતા બાઈક સાથે ભટકાવતા રોડ ઉપર પડી જતા વિનોદકુમારને ડાબા પગે અને શરીરે મુંઢ ઈજાઓ કરી નાસી ગયાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ઘર પાસે ગાળ બોલવાની ના પાડતા

# શેલણા ગામે માતા પુત્રી ઉપર હુમલો

### એક મહિલા સહિત ચારે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) વંડાના શેલણા ગામે અસ્મીતાબેન રમેશભાઈ ધરવાડીયાની દિકરી હેતલબેન શેરીના કુતરાને ખાવાનું આપતા હોય. જેથી કુતરા તેમના ઘરની બહાર જ રહેતા હોય. અને રસ્તા પર પસાર થતા લોકોને ભસતા હોય. અને બાલુભાઈને ઘર પાસેથી તેમના ઘર તરફ જવાનો રસ્તો હોય. જેથી તેને કુતરા ભસતા હોય. જેથી સારૂ નહી લાગતા ઘર પાસે ગાળો બોલતા અસ્મીતાબેને ગાળો બોલવાની ના પાડતા અસ્મીતાબેન અને તેની દિકરી હેતલબેનને માથામાં પાઈપ વડે મારમારી જમણા હાથના બાવડા ઉપર વાસાના ભાગે મુંઢ ઈજાઓ કરી સંજયે લાકડી વડે મારમારી ચંપાબેનને જમણા હાથે લાકડી વડે મુંઢમાર મારી કોમલબેને અસ્મીતાબેનને ઢીકાપાટુંનો મુંઢમાર મારી વાળ પકડી ઢસડી જાનથી મારી નાખવાની બાબુભાઈ તથા સંજયે ધમકી આપી ગુનો કર્યાની વંડા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# દાંતરડીનાં બાયપાસ રોડ ઉપર ટ્રેકટર ટ્રોલી સાથે બોલેરો પીકઅપ અથડાતા પ્રૌઢનું મોત

### માથામાં અને શરીરે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી ચાલક નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ડુંગરના દાંતરડી ગામના બાયપાસ રોડ ઉપર ઉના તાલુકાના વડવીયાળી ગામના રસીકભાઈ નુનભાઈ બરવાળીયા ઉ.વ.૫૦ તથા તેના કાકાના દિકરા ગોકુળભાઈ છગનભાઈ બરવાળીયા રસીકભાઈના ટ્રેકટર અને ટ્રોલીમાં ડુંગળી ભરી મહુવા યાર્ડમાં લઈને જતા હતા. તે દરમ્યાન દાંતરડી બાયપાસ રોડ ઉપર પુલ પાસે પહોંચતા પીકઅપ બોલેરો જી.જે.૧૧ વીવી.૨૩૮૩ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માણસોની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી રસીકભાઈના ટ્રેકટર ટ્રોલી સાથે ભટકાવી ગોકુળભાઈ બરવાળીયાને માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી બોલેરો સ્થળ ઉપર મુકી નાસી ગયાની ડુંગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાનાં ડેડાણમાં વેપારી ઉપર હુમલો કરીને માલસામાનને નુકશાન કર્યુ

### ત્રણ શખ્સોએ મારમારી દુકાનમાં નુકશાન કરી ધમકી આપી

અમરેલી, ખાંભા તાલુકાના ડેડાણ ગામે સલીમભાઈ ઈબ્રાહીમભાઈ શેખના ખેતરની બાજુમાં મુળ ડેડાણ હાલ રાજકોટ રહેતા નંદકિશોર પ્રતાપભાઈ કોટીલાનું વાડી ખેતર આવેલ હોય. તે અવાર નવાર તેમની વાડી ખેતરમાંથી તેમના ટ્રેકટરો તથા અન્ય બીજા વાહનો લઈને જતા હોય. જેથી સલીમભાઈએ ઠપકો આપતા મનદુઃખ રાખી બે ફોરવ્હીલ ગાડી લઈ દુકાને જઈ નંદકિશોર તથા બે અજાણ્યા શખ્સો ફોરવ્હીલમાંથી નીચે ઉતરી નંદકિશોરે તથા બે અજાણ્યા શખ્સોએ પાઈપ લઈ સલીમભાઈ પાસે આવી દુકાનની બહાર રાખેલ તગારા, તેલના ડબા તથા શાકભાજીના ભરેલ તગારા ઉપર પાઈપના ઘા મારી રૂા.૩૦૦૦ નું નુકશાન કરી અજાણ્યા શખ્સોએ સલીમભાઈનો કોલર પકડી બે ત્રણ ઝાપટ મારી સલીમભાઈના ભાઈને ઢીકાપાટું વડે મુંઢમાર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદમાં મુન્નાભાઈ એમબીબીએસ ઝડપાયો

### કોઈપણ સરકારમાન્ય ડિગ્રી વગર પ્રેકટીસ કરી માનવ જીંદગી સાથે ચેડા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) જાફરાબાદ લાઈટ હાઉસ રોડ ઉપર મુખ્યત્યાર હુસૈનગુલામ હુસૈન શેખ ઉ.વ.૬૪ પોતાની પાસે કોઈ પણ સરકારમાન્ય એલોપેથીક સારવા કરવા માટેની ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીસનરને લગતી ડિગ્રી ન હોવા છતા એલોપેથીક દવાઓ તથા મેડીકલને લગત સાધન સામગ્રી નંગ ૨૩૩ રૂા.૨૧,૨૩૬ નો મુદામાલ રાખી મેડીકલ પ્રેકટીસ કરી પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાઈ તેમ હોય. તેવું પોતે જાણવા છતા દર્દીઓને નિદાન અને સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરી ગુનો કર્યાની મેડીકલ ઓફીસર ડો. ભગીરથભાઈ વાઘે જાફરાબાદ મરીન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### અભણ દાદા-દાદીનાં સ્મરણાર્થે પૌત્ર જય કાથરોટીયાની સખાવત

# અમરેલી શહેરની મુકબધીર શાળાને દાદા-દાદી ટેકનીકલ લેબ અર્પણ કરી

### વિદ્યાર્થીઓ રોબોટીક્સ, ઇલેક્ટ્રોનીક્સ, થ્રીડી પ્રિન્ટીંગ જેવી સ્કીલ શીખી શકશે



અમરેલી, અમરેલી કલામ કેમ્પસના ડાયરેકટર જયભાઈ કાથરોટીયા દ્વારા એમના જન્મદિવસ નિમિત્તે બહેરા મૂંગા સ્કૂલ ખાતે એમના દાદા-દાદીની યાદમાં ટેકનીકલ લેબ બનાવવામાં આવી. આ લેબની અંદર વિદ્યાર્થીઓ રોબોટીકસ ઈલેકટ્રોનીકસ તેમજ થ્રીડી પ્રિન્ટીંગ જેવીઅનેક સ્કીલ શીખી શકશે. આજે ૮૦થી વધુ બહેરા મૂંગા વિદ્યાર્થીઓ માટે આ લેબ વરદાનરૂપ સાબિત થઈ હતી. વિદ્યાર્થીઓ આ લેબના માધ્યમથી સર્કિટ તેમજ અનેક પ્રકારના નમૂના બનાવવા માટે સંસ્થાનો સહયોગ મેળવી મુકબધીર બાળકોને ભવિષ્યમાં સ્વનિર્ભર કરવાના માટે ભાવી આયોજન કરવામાં આવ્યું હતું. જય કાથરોટીયા ના જન્મ દિવસ નિમિત્તે અને આ સેવાકાર્ય કરતા ટ્રસ્ટની પચ્ચીસ વર્ષની ઉજવણી ની પૂર્વસંધ્યાએ મુક બધીર બાળકોના સહયોગ કરવાં માટે જય કાથરોટીયાએ એમના દાદા ડુંગરભાઈ અને બા લાભુબેનના સ્મરણાર્થે વિશેષ જરૂરીઆત ધરાવતા બાળકોને ભવિષ્યમાં સક્ષમ કરવા એક વિશેષ શરૂઆત કરી હતી. આ લેબ થકી મૂકબધીર બાળકો વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે જાગૃત થશે. આ લેબ માટે વિશેષ પ્રયત્નો સાથે જયભાઈના મિત્ર અને ઈલેકટ્રીક મોલના માલિક કલ્પેશભાઈ સરધારા આ બાળકોને રોજગારી મળી રહે તે માટે વિશેષ પ્લેટફોર્મ આપશે અને એક વર્ષની અંદર ૬ લાખથી વધારેનું આર્થિક ઉપાર્જન આ લેબના માધ્યમથી વિદ્યાર્થીઓ જાતે સ્વરોજગારીથી કરી શકે તેવું વિશેષ પ્લેટફોર્મ કલ્પેશભાઈ દ્વારા ગોઠવવામાં આવ્યું છે. આ ઉપરાંત ટીકરિંગ ઈન્ડિયાના ફાઉન્ડર ધ્રુવભાઈ સૈડવા બાળકોને રોબોટિક્સ અને થ્રીડી પ્રિન્ટીંગ જેવી અવનવી ટેક્નોલોજીથી મૂકબધીર બાળકોને માહિતગાર કરશે. ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, લેબ થકી કરી સૌએ ઉજાણી, મૂકબધીરને મળી નવી વાણી, આ એક જન્મદિનની કહાની એવા મંત્ર સાથે જયભાઈએ આ જન્મદિવસની ઉજવણી કરી હતી આ સાથે જયભાઈએ જણાવ્યું હતું કે, યમરાજે આપણા મૃત્યુની તારીખ નક્કી કરી લીધી હોય અને યમરાજ જીવ લેવા આવતા હોય એ સમયે એમને ખબર પડે કે જયે આવતા જન્મદિવસનું કાંઈક પ્લાનીંગ કરી રાખેલ હશે તો એમને આયુષ્ય લંબાવવું પડે તેવા સત્કાર્યો સાથે જન્મદિવસ ઉજવવાનો આજીવન સંકલ્પ કરેલ છે.

# અમરેલીમાં આયુષ્યમાન વય વંદના તથા ઇ-કેવાયસી કેમ્પ યોજાયો

### રોટરેક્ટ ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા કેમ્પનું વિનામુલ્યે આયોજન




અમરેલી, રોટ્રેક્ટ ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા નાગનાથ મંદિર ના પટાંગણમાં અમરેલી ની જાહેર જનતા માટે સરકાર શ્રી સાથે સલગ્ન થઈ આયુષ્યમાન વય-વંદના તથા રાશન કાર્ડ E-KYC ના ફ્રી કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે અમરેલી જિલ્લા ભાજપ ના મહામંત્રીશ્રી મેહુલભાઈ ધોરાજીયા તથા અમરેલી જિલ્લા યુવા મોરચા ના મહામંત્રીશ્રી મૌલિકભાઈ ઉપાધ્યાય પણ હાજર રહ્યા હતા. આ કેમ્પ ને સફળ બનાવવા રોટરેક્ટ ક્લબ ના સભ્યો વરુણ ભટ્ટ, માનસી વડેરા, જલ્પા ટાંક, ભરાડ, જતીન મહેતા, કેલ્વિન વીરડા, ધવલ વડેરા, પીયૂષ મકવાણા, યશ મીરાણી, અર્જુન સાલુંકે અને આકાશ જોશીએ ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલી શહેર વોર્ડ નં.૪ માં આયુષ્યમાન ભારત કાર્ડ અને ઇકેવાયસી કેમ્પ યોજાશે

### આજે પંચમુખી હનુમાન મંદિરે કેમ્પનો લાભ લેવા

અમરેલી, સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી તથા તાલુકા હેલ્થ કચેરીનાં સંયુક્ત ઉપક્રમે લોકોને ઘર આંગણે સુવિધા મળી રહે એવા શુભ આશયથી આયુષ્યમાન ભારત કાર્ડ અને રેશનકાર્ડ ઈકેવાયસી કાઢવા માટે નાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે તો આપણાં વિસ્તારના લોકોને બહોળી સંખ્યામાં આ કેમ્પ નો લાભ લેવા અને લોકોને માહિતગાર કરવા બપોરે ૩ થી ૭ સુધી પંચમુખી હનુમાન મંદિર, હનુમાનપરા મેઈન રોડ અમરેલી ખાતે યોજનાર કેમ્પમાં હાજર રહેવા માટે આ વોર્ડમાં રહેતા અમરેલી શહેર ભાજપના હોદેદારશ્રીઓને નમ્ર વિનંતી સારહી યુથ કલ્બનાં પ્રમુખ મુકેશ સંઘાણીએ કરી છે.

# અમરેલી બટારવાડીનાં રોડની કામગીરી બદલ વિવિધ આગેવાનોનું સન્માન કરાયું

### રાજુભાઇ બિલખીયા, શાહરૂખ બિલખીયા, અજીજભાઇ ગોરીને ફુલહાર કર્યા



અમરેલી, તાજેતર માં ચાંદની તેમજ બટારવાડી શ્યામ બેકરી વાળો રોડ નગર પાલિકા દ્વારા બનાવવા માં આવ્યો જેમાં આ રોડ બનાવવા માટે ની જહેમત તેમજ રોડ બનાવતી વખતે ખડેપગે રહી સુપરવિઝન કરીને યોગ્ય રીતે રોડ પરિપૂર્ણ કરાવનાર લઘુમતી સમાજના આગેવાન શ્રીરાજુભાઈ બીલખિયા તેમજ યુવા કાર્યકર શાહરૂખ બીલખીયા નું આ વિસ્તારના આગેવાન, લડાયક યોધ્ધા, પૂર્વ ચેરમેન અજીતભાઈ ગોરી દ્વારા ફુલહાર થી સ્વાગત કરી પક્ષા પક્ષી થી દૂર રહી સમાજ સેવા કરતા બંને યોધ્ધા ઓ ને બિરદાવ્યા હતા.

# સરસીયા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની ચિત્ર સ્પર્ધામાં ઝોન કક્ષાએ પ્રથમ આવી

### શાળા પરિવારે વિદ્યાર્થીનીને બિરદાવી પ્રોત્સાહીત કરી



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) કલા મહોત્સવ અંતર્ગત ઝોન કક્ષાએ ચિત્રસ્પર્ધામાં સરસીયા રવીના બી. પીઠડીયા પ્રા. શાળા સમગ્ર ઝોનકક્ષામાં પ્રથમ નંબર મેળવી શાળા તેમજ બગસરા તાલુકા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કરેલ છે શાળાના આચાર્યશ્રી હરેશભાઈ રાઠોડ, સી. આર. સીશ્રી, બીઆર. સીશ્રી, તાલુકા તથા જિ.પ્રા. શિ. સંઘ ટીમ તેમજ તા. પ્રા. શિ. અધિકારીશ્રી, જિ.પ્રા.શિ. અધિકારી તેમજ વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા તેમજ ધારાસભ્યશ્રી જે. વી. કાકડિયાએ

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૭૫ થી ૧૪૫૭ મગફળી ૮૩૫ થી ૧૨૨૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૦૦-૧૧૦૦
શિંગમોટી-૮૩૫-૧૨૨૦
શીંગફાડા-૧૦૦૦-૧૧૫૦
તલસફેદ-૧૬૭૫-૨૭૭૫
તલકાળા-૩૨૬૦-૪૭૬૦
જુવાર-૫૧૦-૭૮૫
ઘઉંટુકડા-૫૬૫-૬૪૬
ઘઉંલોકવન-૫૬૧-૬૧૭
ચણા-૯૩૫-૧૩૫૨
કપાસ-૯૭૫-૧૪૫૭
ધાણા-૧૦૦૦-૧૪૧૫
સોયાબીન-૬૬૦-૮૨૮
અડદ-૭૯૦-૧૫૦૦
એરંડા-૧૧૬૦-૧૧૯૮
મરચાલાંબા-૫૦૦-૨૬૮૦
જીરૂ-૩૫૦૦-૪૪૧૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૬૦-૫૬૦
રીંગણા-૩૦૦-૪૦૦
કોબીઝ-૨૦૦-૩૦૦
ટમેટાં-૫૦૦-૫૫૦
સુરણ-૧૦૦૦-૧૨૦૦
ફોદીનો-૪૦૦-૬૦૦
ગાજર-૫૦૦-૭૦૦
ગલકા-૪૫૦-૫૫૦
કાકડી-૩૦૦-૬૦૦
ગુવાર-૧૨૦૦-૧૮૦૦
દુધી-૨૦૦-૩૦૦
તુરીયા-૬૦૦-૧૨૦૦
ભીડો-૫૦૦-૭૦૦
આદુ-૭૦૦-૮૦૦
કોથમીર-૩૦૦-૩૫૦
મેથીભાજી-૪૦૦-૬૦૦
ટીંડોરા-૫૦૦-૭૦૦
લીમડોમીઠો-૩૦૦-૩૨૦
મરચાલીલા-૬૦૦-૭૫૦
મુળા-૨૦૦-૪૦૦
લીંબુ-૫૦૦-૭૦૦
પાલક-૩૫૦-૪૫૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૬૦-૬૩૬
સોયાબીન-૬૦૦-૮૧૦
ઘઉં-૫૭૬-૬૩૧
જુવાર-૫૦૦-૮૩૦
કપાસ-૧૩૨૫-૧૪૫૧
તલસફેદ-૧૮૦૦-૨૪૩૨
અડદ-૧૫૧૫-૨૧૭૬
તુવેર-૧૬૦૦-૧૬૦૦
શીંગ-૮૦૦-૧૧૦૦
ચણા-૯૦૦-૧૨૫૬

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૧૧-૬૬૬
ડુંગળીલાલ-૧૫૦-૫૬૧
તલસફેદ-૧૮૨૬-૨૪૬૬
અડદ-૯૯૧-૧૧૭૫
સોયાબીન-૭૩૪-૮૧૯
જીરૂ-૪૨૬૦-૪૨૬૦
ડુંગળીસફેદ-૨૧૧-૫૧૧
મેથી-૧૦૮૯-૧૦૮૯
બાજરી-૪૫૦-૬૪૯
જુવાર-૩૮૦-૯૨૩
નાળીયેર-૨૮૧-૨૨૯૭

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૩૦-૧૪૯૮
ઘઉં-૫૦૧-૬૩૯
મગફળી-૧૦૪૫-૧૧૫૫
ચણા-૧૧૩૦-૧૨૫૦
જીરૂ-૪૦૦૪-૪૪૪૫
તલસફેદ-૧૯૩૦-૨૪૦૦
સોયાબીન-૭૭૯-૮૦૧
કપાસકોડી-૧૧૬૦-૧૩૮૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૪૬૪
ચણા-૧૦૧૦-૧૦૧૦
મગફળી-૫૫૦-૧૦૪૦
મકાઈ-૫૦૧-૫૦૧
ઘઉં-૫૫૨-૫૮૫
સોયાબીન-૬૭૫-૮૦૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૫૦-૧૧૦૦
શીંગમોટી-૧૦૦૦-૧૧૭૫
અડદ-૭૦૦-૧૦૦૦
તલસફેદ-૨૦૦૦-૨૬૦૦
કપાસ-૧૩૦૦-૧૪૫૦
ઘઉંલોકવન-૫૨૦-૬૧૫
જીરૂ-૩૬૩૫-૪૩૦૦
ઘઉંટુકડા-૫૫૦-૬૪૦
ચણા-૧૦૦૦-૧૫૦૦
સોયાબીન-૭૧૧-૭૮૮
બાજરો-૫૦૦-૬૬૩

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૯૫-૧૪૮૧
મગફળી-૮૦૦-૧૧૦૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૩૬૬-૧૪૭૧

**બગસરા માર્કેટયાર્ડ**
જુવાર-૧૨૦૦-૧૪૮૦
અડદ-૧૨૧૬-૧૨૧૬
મગફળી-૫૦૦-૧૧૦૩
શીંગદાણા-૧૦૮૦-૧૧૫૦
સોયાબીન-૫૦૦-૭૮૭
ઘઉં-૫૫૮-૬૧૧
ચણા-૯૦૦-૧૨૨૨

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૫૦૦
દાડમ-૯૦૦-૧૬૦૦
મુસંબી-૫૦૦-૧૨૦૦
સંતરા-૫૦૦-૭૦૦
કીવી-૪૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૭૦૦-૩૦૦૦
અનાનસ-૧૦૦૦-૧૨૦૦
જામફળ-૫૦૦-૭૦૦
કેળા-૪૦૦-૫૦૦
પોપૈયા-૫૦૦-૮૦૦
સીતાફળ-૮૦૦-૧૩૦૦
સફરજન કાશ્મીર-૧૫૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ત્તમ તાપમાન-૩૧.૨
ન્યુનતમ તાપમાન -૧૧.૬
ભેજનું પ્રમાણ -૬૭
પવનની ગતિ સરેરાશ -૨.૬

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૮.૧૨.૨૦૨૪, બુધવાર, સંવંત ૨૦૮૧, માગશર વદ ત્રીજ, પુષ્ય નક્ષત્ર, ઐંદ્ર યોગ, બવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો. ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.
સિંહ (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્ન ના બનાવવો, વાદ વિવાદ થી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.
કન્યા (પ,ઠ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય. દિવસ સારો રહે.
તુલા (ર,ત) સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
ધન (ધ,ભ,ફ,ઢ) : જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશ થી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.
મકર (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
કુંભ (ગ,સ,શ) : ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ

### દેશની આઝાદી માટે સરદાર વલ્લભભાઇ પટેલે અખંડ ભારતનું સપનું સેવેલુ અને પોતાના રાજા રજવાડાઓ સુપ્રત કર્યા હતા

# સૌરાષ્ટ્ર કાઠીયાવાડનાં રજવાડા ગીરાસદારોનાં સાલીયાણા શરૂ કરો

## ગુજરાત રાજ્ય કાઠી ક્ષત્રીય સમાજ સંગઠન દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને પત્ર પાઠવી કરેલી રજુઆત

અમરેલી,

ગુજરાત રાજ્ય કાઠી ક્ષત્રીય સમાજ સંગઠન દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને પત્ર પાઠવી સમગ્ર ભારતનાં તથા સૌરાષ્ટ્ર-કચ્છનાં કાઠીયાવાડનાં રાજા રજવાડા અને નાના મોટા ગીરાસદારોનાં સાલીયાણા શરૂ કરવા રજુઆત કરી છે. રજુઆતમાં જણાવ્યા મુજબ દેશની આઝાદી માટે અખંડ ભારતનાં સ્વપ્રરૂપ સરદાર વલ્લભભાઈ પટેલે અખંડ ભારત માટે સૌરાષ્ટ્ર સહિતનાં રાજા રજવાડાઓનાં સપનાને પુર્ણ કરવા પોતાના રાજા રજવાડાઓ સુપ્રત કર્યા હતાં. પાછળથી વડાપ્રધાનઈન્દીરાબેન ગાંધીએ એકાએક રાતો રાત વટ હુકમ બહાર પાડી સાલીયાણા બંધ કરી દીધેલા. ૧૯૪૭માં ભારતને આઝાદી મળ્યા બાદ સૌરાષ્ટ્ર દેશ કાઠીયાવાડમાં નાના મોટા રજવાડાઓ ગીરાસદારો વગેરે ૨૦૨ રજવાડા હતાં. વીડીની જમીનને ખેતીની ગણી ટોચ મર્યાદા હેઠળ પુખ્ત વયની વ્યક્તિ દીઠ એક યુનિટ આપી બીજી જમીન ફાજલ કરી દીધેલી અને અન્યાય કર્યો હતો. ટોચ મર્યાદા ધારાનો કાયદો કાઢી નાખવા ગુજરાતનાં મુખ્યમંત્રીને પણ પત્ર લખેલ છે. તેથી કાયદો નાબુદ કરી સાલીયાણા ફરીથી શરૂ કરવા ગુજરાત રાજ્ય કાઠી ક્ષત્રીય સમાજ સંગઠન પ્રમુખ સત્યજીતકુમાર ખાચર, ઉપપ્રમુખ જયરાજભાઈ વિકમા અને સેક્રેટરી એમ.ડ.માંજરીયાએ માંગ કર્યાનું જણાવ્યું છે.

# બગસરાના ચકચારી મારામારીના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો કરાવતા સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી

## સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાને લઇ જયુડી. મેજી. શ્રી એસ.એમ.પટેલ દ્વારા તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો હુકમ ક્યો



અમરેલી,

આ કામે તા. ૧૨-૧૦-૨૦૧૭ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગે ઘરે જઈ આ કામના આરોપીઓ પ્રાગજીભાઈ દેવશીભાઈ બાબરીયા, મુકેશભાઈ વલ્લભભાઈ બાબરીયા, હરસુખભાઈ ભીખાભાઈ સાવલીયા, વિનુભાઈ ભીખાભાઈ સાવલીયા, વિપુલભાઈ નાથાભાઈ ધાડીયા, અરવિંદભાઈ કાનજીભાઈ ડોબરીયા રે. તા. ભેંસાણ વાળાએ ફરીયાદીના ભાઈ દદુભાઈને મારવાના ઈરાદે તેના ઘરનો ડેલો ખોલાવેલ તે દરમિયાન આ કામના ફરીયાદી તથા મંગળુભાઈ વચ્ચે પડતા આ કામના આરોપી ૧ પ્રાગજીભાઈ દેવશીભાઈ બાબરીયાએ તેના હાથમાં તલવાર હોય તેનો એક ઘા મારી દીધેલ તથા આરોપી નં. ૫ વિપુલભાઈ નાથાભાઈ ધાડીયાએ તેના હાથમાં રહેલ પાઈપ ફેકચર કરી દીધેલ તથા અરવિંદભાઈ કાનજીભાઈએ મંગળુભાઈને પાઈપ મારી ઈજા કરી દીધેલ અને બાકીના તમામ આરોપીઓએ આ આરોપી સાથે એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી, તલવાર, પાઈપ જેવા હથીયારો ધારણ કરી આ કામના ફરીયાદી તથા તેના ભાઈ તથા અન્ય કુટુંબીઓ ઉપર જીવલેણ હુમલો કરી ફેકચર કરી ગંભીર ઈજાઓ કરેલ.

આ બાબતની ફરીયાદ બદરૂભાઈ ચાંપરાજભાઈ નાટાએ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ - ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા ગુજરાત પોલીસ કલમ - ૧૩૫ મુજબની ફરીયાદ બગસરા પો.સ્ટે.માં નોંધાવેલ. ત્યારબાદ પોલીસે તપાસ હાથ ધરી અને તપાસના અંતે આ તમામ આરોપીઓ વિરૂધ્ધ તમામ આરોપીઓએ ગંભીર પ્રકારનો કર્યા અંગેના પુરતા પુરાવા મળતા પોલીસે આ કામે ચાર્જશીટ કરેલ હતું. ત્યારબાદ આ કામે કોર્ટમાં ટ્રાયલ દરમિયાન ફરીયાદપક્ષ તરફથી ૨૨ સાક્ષીઓ તપાસવામાં આવેલ તથા મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા. જેમાં આ કામના ફરીયાદી તથા મંગળુભાઈને ઈજા થયેલ તે બાબતના બગસરા સરકારી હોસ્પીટલના તથા નવજીવન હોસ્પીટલ મેડીકલ સર્ટીફીકેટો રજુ થયેલ હતા. આ કામે ઉપરોક્ત કેસ બગસરાના જયુડી. મેજી. શ્રી એસ.એમ. પટેલ ની કોર્ટમાં ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષ તરફ પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા મૌખીક એમ ઘણા પુરાવાઓ રજુ કરવામાં આવેલ અને તેમ છતા આ કામના ફરીયાદી પોતાનો સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામ ના આરોપીઓ પ્રાગજીભાઈ દેવશીભાઈ બાબરીયા, મુકેશભાઈ વલ્લભભાઈ બાબરીયા, હરસુખભાઈ ભીખાભાઈ સાવલીયા, વિનુભાઈ ભીખાભાઈ સાવલીયા, વિપુલભાઈ નાથાભાઈ ધાડીયા, અરવિંદભાઈ ડોબરીયા ને નિર્દોષ છોડી મુક્વાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી તથા બગસરાના સીનીયર એડવોકેટ શ્રી ધીરૂભાઈ રોકાયેલ હતા.

### નેશનલ હાઇવે પર સ્પીડ બ્રેકર મુકવા કેટલા યોગ્ય ?

# વડિયામાંથી પસાર થતા નેશનલ હાઇવે પર આંબેડકર નગરમાં સ્પીડ બ્રેકરો મુકાતા વાહન ચાલકોમાં ભારે નારાજગી વ્યાપી ગઇ

## સ્પીડ બ્રેકરોને કારણે વાહન ચાલકોને પડી રહી છે ભારે હાલાકી



વડિયા, (ભીખુભાઈ વોરા)અમરેલી જિલ્લાના વડિયા કુંકાવાવ ના વડિયા ગામ માંથી નેશનલ હાઈવે મહુવા - જેતપુર પસાર થાય છે. હાલ આ નેશનલ હાઈવે પર વડિયા ગમતળ માં આવેલા સિમેન્ટ રોડ પર ડામર નુ લેયર લગાવવા નજ કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે વડિયા ગામની શરૂવાત માં આવેલા આંબેડકર નગર માં સીતેર મિટર જેટલાં ટૂંકાગાળા માં ત્રણ સ્પીડ બેકર મુકવામાં આવતા અહીંથી પસાર થતા વાહન ચાલકો ને ભારે હાલાકી પડી રહી છે ત્યારે આ વિસ્તાર માં ભૂતકાળ ના છેલ્લા ઘણા વર્ષો થી કોઈ ગંભીર અકસ્માત થયેલા ના હોય અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પણ નેશનલ હાઈવે પર સ્પીડ બેકર મુકવા બાબતે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી ત્યારે આ નેશનલ હાઈવે ના રોડ પર સ્પીડ બેકર મુકવામાં આવ્યા છે તેને દૂર કરવા સાથે સમગ્ર નેશનલ હાઈવે ના રોડ પર અન્ય કોઈ જગ્યાએ પણ સ્પીડ બેકર મુકવામાં ના આવે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.

### મરીન પોલીસ સ્ટેશનના સામાકાંઠા વિસ્તાર ખાતેથી

# જાફરાબાદમાં બોગસ ડોક્ટરને ઝડપી પાડતી અમરેલીની એસઓજી ટીમ

## એસઓજીએ દરોડો પાડી રૂા. ૨૧૬૩૪ નો મુદામાલ કબ્જે લીધો



અમરેલી,પોલીસ અધિક્ષક સંજય ખરાત અમરેલીનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરોની ડિગ્રી વગર ડિર્લાનક ચલાવી મેડિકલ પ્રેકિટસ કરી આવા કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ જે અનુસંધાને એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ચૌધરી તથા એસ.ઓ. જી. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.બી.ભટ્ટ તથા એસ.ઓ.જી.ટીમ અમરેલી જિલ્લામાં આવા બોગસ ડોક્ટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય એસ.ઓ.જી.ટીમ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દર્શમયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે 'જાફરાબાદ સામાકાંઠા વિસ્તાર ખાતે રહેતા એક વ્યક્તી નામ વગરનું ગેરકાયદેસર દવાખાનુ/ક્લીનીક ચલાવતા હોય જે અન્વયે સદરહું જગ્યાએ મેડીકલ ઓફીસર સાથે રેઈડ કરતા મુખ્ત્યારહુસૈન ગુલામહુસૈન શેખ, ઉ.વ-૬૪, ધંધો - ડોક્ટર પ્રેકટીસ, રહે.જાફરાબાદ,, લાઈટ હાઉસ રોડ, શિતળાઈ માતાના મંદીરની સામે, તા.જાફરાબાદ, જિ.અમરેલીને એલોપેથીક દવાઓ તથા મેડીકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ - ૨૩૩ જેની કુલ કિ.રૂ.૨૧,૬૩૪/- સના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને પકડાયેલ શખ્સ વિરૂધ્ધ ગુનો રજી,કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચનાં હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ટીમના એ.એસ.આઈ.રફીકભાઈ રાઠોડ, યુવરાજસિંહ સરવૈયા તથા હેડ કોન્સ. જયરાજભાઈ વાળા તથા મહેશભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ છે.

### રાજકોટ ખાતે યુવા ઉત્સવમાં

# રાજ્યકક્ષાની કાવ્ય વાંચનની સ્પર્ધામાં બગસરા મેઘાણી હાઇસ્કુલની વિદ્યાર્થીની રાજ્યમાં પ્રથમ

## હવે નેશનલ કક્ષાએ કાવ્યવાંચન સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરશે



બગસરા, (રૂપેશ રૂપારેલીયા) તાજેતરમાં હેમુ ગઢવી ઓડિટોરિયમ રાજકોટ ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની કાવ્યવાચન સ્પર્ધામાં બગસરા મેઘાણી હાઈસ્કૂલની વિદ્યાર્થી ખુશી જયંતિભાઈ સાગઠિયા સમગ્ર રાજ્યમાં પ્રથમ નમ્બરે વિજેતા થયા હતાં આગામી સમયમાં નેશનલ કક્ષાએ ખુશી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ગિણીયા જેવા નાના ગામમાંથી આવીને ખુશીએ પોતાની પ્રતિભા બતાવી છે. શાળાના આચાર્ય શ્રી વી.કે. જેઠવાએ ખુશીને અને માર્ગદર્શક સ્નેહી પરમાર સાહેબ ને અભિનંદન આપ્યા છે.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# સુરતમાં ઘરકંકાસમાં પતિએ પત્નીની હત્યા કર્યા બાદ પોતે આપઘાત કર્યો

## આપઘાતના બનાવથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ

(જી.એન.એસ) સુરત,

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં એક હૃદયદ્રાવક ઘટનામાં ઘરકંકાસને કારણે એક પતિએ પોતાની પત્નીની હત્યા કર્યા બાદ પોતે પણ આપઘાત કરી લીધો છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી માહિતી મુજબ, સુરત ઓલપાડના મોટા હળપતિવાસમાં રહેતા ધનસુખભાઈ કેશવભાઈ રાઠોડ અને તેમની પત્ની લક્ષ્મીબેન રાઠોડ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ઘરકંકાસ ચાલી રહ્યો હતો. નાની-નાની વાતો પર બંને વચ્ચે તકરાર થતી હતી. આજે સવારે આ તકરાર વધુ ઉગ્ર બની હતી અને ધનસુખભાઈએ ગુસ્સામાં આવીને લક્ષ્મીબેન પર કુહાડી વડે હુમલો કરી દીધો હતો. ૧૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ વહેલી સવારે ઘરમાં સંતોનો સૂતાં હતાં, એ દરમિયાન બેડરૂમમાં રહેલી પોતાની ૪૩ વર્ષીય પત્ની લક્ષ્મી રાઠોડ પર ધારદાર કુહાડીના ઘા ઝીંકી દેતાં તેઓ બેડમાં જ પડી ગયાં હતાં અને અસહ્ય દુખાવાથી પીડાઈને બૂમો પાડી રહ્યાં હતાં. આ દરમિયાન માતાની બૂમો સાંભળી તેમની ૨૫ વર્ષીય દીકરી તેજલ આવી જતાં ધનસુખભાઈ રૂમમાં કુહાડી ફેંકી ઘરની બહાર ભાગી ગયા હતા. ઘટના બન્યા બાદ ધનસુખભાઈ ઘરની બહાર નીકળી ગયા હતા અને નજીકની પાણીની ટાંકી પરથી કૂદીને આપઘાત કરી લીધો હતો.

# અમદાવાદના માંડલ વરમોર નજીક અકસ્માતમાં દંપતીનું મોત નિપજ્યું

(જી.એન.એસ) અમદાવાદ,

અમદાવાદમાં માંડલ નજીક થયેલ અકસ્માતમાં દંપતીનું મોત નિપજયું. માંડલ પાસેના એંછવાડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો. આ અકસ્માતમાં બાઈક પર સવાર દંપતીનું ઘટના સ્થળે જ મોત નિપજયું. અકસ્માતને પગેલ પોલીસ ઘટનાસ્થળ પર પંહોચી ગઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ માંડલ નજીક એંછવાડા રોડ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં કાર પર સવાર દંપતીને ગંભીર ઈજા પંહોચી. વરમોરનું દંપતી જખવાડા ગામે બેસણામાં ગયું હતું અને ત્યાંથી પરત ફરતા હતા ત્યારે જ અકસ્માતનો ભોગ બન્યા. પૂરપાટ વેગે આવતી કાર સાથે બાઈકની ટક્કર થતા વરમોર દંપતી નીચે પટકાયા. કાર અને બાઈક વચ્ચે ભયાનક અકસમાત થતા ત્યાં લોકો ભેગા થઈ ગયા.

# પાટણમાં ધારાસભ્યશ્રી કિરીટ પટેલ પ્રતીક ભૂખ હડતાળ ઉપર ઉતર્યા

(જી.એન.એસ) પાટણ,

ઉત્તર ગુજરાત યુનિવર્સીટીમાં ધારાસભ્ય ઉતર્યા ભૂખ હડતાળ પર પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ પ્રતીક ભૂખ હડતાળ પર ઉતર્યા છે. ધારાસભ્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ભૂખ હડતાળ પર ઉતર્યા છે. ધારાસભ્ય સાથે દ્રજૈં અને કોંગ્રેસ આગેવાનો પણ હડતાળ પર બેઠા છે. ધારાસભ્ય સહિતના લોકો યુનિવર્સિટી વહીવટી ભવન ખાતે સુત્રોચ્ચારો સાથે ભૂખ હડતાળ પર ઉતર્યા છે. જેમાં તેમણે યુનિવર્સિટીની હોસ્ટેલમાં દારૂની મહેફિલ મામલે જવાબદાર સામે ફરિયાદ કરવાની માંગણી કરી રહ્યા છે. તે સિવાય જુદા જુદા પાંચ જેટલા મુદ્દાઓને લઈને તેઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. બીજીતરફ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં રોજીંદા કામ માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભૂખ હડતાળ પર ઉતરેલા ધારાસભ્ય સહિતના લોકોએ યુનિ.માં વધતા ભ્રષ્ટાચાર મામલે વિરોધ નોંધાવ્યો છે.આ ભૂખ હડતાળમાં ધારાસભ્ય સાથે સિધ્ધપુરના પૂર્વ ધારાસભ્ય પણ જોડાયા છે. સાથે સાથે જિલ્લા કોંગ્રેસ અને દ્રજૈં પણ વિરોધમાં જોડાયા છે. જેને પગલે ઉંદ્રરેં યુનિવર્સિટીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# મહાકુંભ મેળામાં જવા માટે અમદાવાદથી પ્રયાગરાજ સુધી ટ્રેનો શરુ કરતુ રેલ્વે તંત્ર

(જી.એન.એસ) અમદાવાદ,

તેથી ત્યાં પહોંચવા માટે તમે ટ્રેન, બસ અથવા પ્લેન દ્વારા જઈ શકો છો આવતા વર્ષે એટલે કે ૨૦૨૫માં ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ મેળાનું આયોજન થવા જઈ રહ્યું છે. જેમાં દુનિયાભરમાંથી લોકો આવે છે તો ગુજરાતમાંથી પણ લોકો મહાકુંભ મેળામાં જવાની તૈયારી કરી રહ્યા છે. તેથી ત્યાં પહોંચવા માટે તમે ટ્રેન, બસ અથવા પ્લેન દ્વારા જઈ શકો છો. જાણી લો અમદાવાદથી પ્રયાગરાજ સુધી કઈ ટ્રેનો જાય છે. પારસનાથ એક્સપ્રેસ ભાવનગર (૧૨૯૪૧) ભાવનગરથી ૧૭.૪૫ વાગ્યે ઉપડે છે અને ૨૩.૦૫ વાગ્યે અમદાવાદ પહોંચે છે. તે બીજા દિવસે ૨૨.૦૦ કલાકે પ્રયાગરાજ જંકશન પહોંચે છે.

# લીલીયા શ્રી ઉમીયા મંદિર ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ અને ખેડુત અગ્રણી ગોબરભાઇ ધામતનું નિધન

## જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પુર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપ દુધાતે શોક વ્યક્ત કર્યો



લીલીયા, (મહેશ દવે) લીલીયા ઉમીયા માતાજી મંદિર ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ અને ખેડુત આગેવાન ગોબરભાઈ છગનભાઈ ધામતનું ૯૦ વર્ષની વયે નિધન થતા શોકનું વાતાવરણ છવાયુ હતુ. કરૂણ ઘટના એવી છે કે ગોબરભાઈની પૌત્રી ક્રિષ્નાબેનના લગ્નના દિવસે સવારે તા.૧૪-૧૨ નાં જાન આવવાના સમયે ગોબરભાઈ નવા કપડા પહેરીને હરતા ફરતા હતા અચાનક ફળીયામાં ઢળી પડતા તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. અને બીજી તરફ દેરડી કુંભાજીથી પૌત્રીની જાન આવી ગઈ હતી. એકબાજુ દાદાની વિદાય અને એકબાજુ પૌત્રીના લગ્ન આવી ઘટનાથી મહેમાનો કુટુંબીજનો અને ગામમાં ગમગીની છવાઈ હતી. ગોબરભાઈ ધામત છેલ્લે સુધી ઉમીયા માતાજી મંદિરના ટ્રસ્ટી તરીકે સતત સેવા આપતા રહયા હતા. ધામત પરિવારને પુર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નિતીનભાઈ ત્રિવેદી, દકુભાઈ બુટાણી, રમેશભાઈ પરમાર, તાલુકાના પુર્વ ચેરમેન વિજયભાઈ કોગથીયા સહિત કોંગ્રેસના અગ્રણીઓએ ગોબરબાપાને શ્રદ્ધાંજલી પાઠવી હતી અને તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

# અમરેલી સારહી તપોવનમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

## તુષાર જોષી પરિવારે ગાયત્રી યજ્ઞમાં આહુતી આપી



અમરેલી,સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમ ખાતે તા.૧૫/૧૨/૨૦૨૪ નાં રોજ અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ નાં ચેરમેન શ્રી તુષારભાઈ જોશી સહ પરિવાર ને ગાયત્રી યજ્ઞમા બેસવાનો લાભ મળેલ અને યજ્ઞ વિધી કરેલ સારહી તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓએ પણ યજ્ઞ મા આહુતિ આપી ગાયત્રી યજ્ઞ શ્રીમતી ગીતાબેન બાવીશી એ ગાયત્રી યજ્ઞ કરાવ્યો. સારહી યુથ કલબ ઓફ અમરેલી પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી તથા સારહી પરિવાર દ્વારા હૃદય પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

# જીવાપરનાં ચકચારી બનાવમાં આરોપીઓ નિર્દોષ

## ધારી કોર્ટમાં એડવોકેટ અશ્વિનભાઇ વાળાની ધારદાર દલીલો



અમરેલી, તારીખ ૨૦/૯/૨૨,ના રોજ ખાંભા તાલુકાના જીવાપર ગામે બે જૂથ વચ્ચે મારામારી થયેલ જેમાં ફરિયાદી જીતુભાઈ રૂખડભાઈ પરમાર ની ફરિયાદ પરથી આરોપી (૧) પરેશ બાબુ પરમાર (૨) વસંતબેન પરમાર (૩) રમેશ બાબુ પરમાર રહેવાસી જીવાપર વાળા વિરુદ્ધ ખાંભા પોલીસ મથકમાં ૩૦૭,૩૨૫,૩૨૪,૩૨૩,૧૧૪, વગેરે મુજબ ગુનો નોંધાયેલ હતો જે ધારી સેશન કોર્ટમાં સેસન કેસ નંબર ૨૫/૨૨ થી ચાલેલ તે કેસમાં આરોપી તરફે ધારીના વિદ્વાન વકીલ શ્રી અશ્વિનભાઈ એમ. વાળા રોકાયેલા હતા અને તેઓની ધારદાર દલીલો તેમજ રજૂઆત, અને રજૂ થયેલ પુરાવા નું ખંડન કરતા આ કામના તમામ આરોપીઓ તારીખ ૧૬/૧૨/૨૪ ના રોજ નિર્દોષ છુટેલ છે

# સાવરકુંડલા ગરાસીયા ક્ષત્રિય રાજપુત સમાજના અગ્રણી શ્રી અનિરૂધ્ધસિંહ વાજાનો આજે જન્મદિન

## જન્મદિન નિમિતે શુભકામનાઓનો ધોધ વહેતો થયો



સાવરકુંડલા, સાવરકુંડલા ગરાસીયા ક્ષત્રિય રાજપૂત સમાજ ના આગેવાન તેમજ પૂર્વ પ્રમુખ શ્રી શકિત કેન્દ્ર શહેર ભાજપ સાવરકુંડલા તેમજ મહામંત્રી શ્રી અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ સાવરકુંડલા તથા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી સાવરકુંડલા ક્ષત્રિય રાજપૂત સમાજ ટ્રસ્ટ નાં આજ રોજ મિત્રો વર્તુળ તેમજ રાજકીય આગેવાનો દ્વારા જન્મ દિવસ ની શુભકામનાઓ નો ધોધ વર્ષી રહેલ છે?

### ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન — ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# ગીર ગઢડા તાલુકાના જુના ઉગલા ગામે ગોચરની જમીન પરથી વહીવટી તંત્ર દ્વારા દબાણ દૂર કરાયું

## બે દિવસની કામગીરી અંતર્ગત આશરે રૂ. ૧૦.૨૦ કરોડની કુલ ૨,૭૫,૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવી



ગીર સોમનાથ,

જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ આજે ગઢડા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને પોલીસ બંદોબસ્ત વચ્ચે ગીરગઢડા તાલુકાના જુના ઉગલા ગામે ગૌચરની જમીન ઉપર ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આજે હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત ૩૪ દબાણદારો દ્વારા દબાણ કરવામાં આવેલ આશરે રૂ. ૧૦.૨૦ કરોડની કુલ ૨,૭૫,૦૦૦ ચો.મી. જમીન ૨ દિવસની કામગીરી દરમ્યાન ખુલ્લી કરવામાં આવી હતી.

### મહુવા પંથકનાં વિવિધ વર્તમાન — મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# મહુવા હનુમંત હોસ્પિટલ દ્વારા ટીબીમુક્ત અભિયાન

## ત્રાપજ ગામે સ્ક્રીનીંગ કેમ્પ યોજી ભાવનગર કલેકટરે અભિયાનનો પ્રારંભ કરાવ્યો



મહુવા, કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ દિવસ માટે ટીબી રોગના નિવારણ હેતુ યોજેલ અભિયાન અંતર્ગત આજરોજ ભાવનગર કલેકટરશ્રી આર.કે.મહેતા દ્વારા ટીબી રોગને લઈ સમાજમા સમજણ વધે તથા દર્દીઓને સ્થળ પર જ એક્સ-રે તથા જરુરી માર્ગદર્શન મળી રહે અને બિમારીની ચોક્કસ ઓળખ થઈ શકે તેવા હેતુથી પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ અને હનુમંત હોસ્પિટલ મહુવાના સહયોગથી જન જાગ્રુતિ માટે એમ્બ્યુલન્સ વાનનુ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામા આવેલ. પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ અને હનુમંત હોસ્પિટલ મહુવાના સહયોગથી તૈયાર કરવામાં આવેલ એમ્બ્યુલન્સ વાનમા કોઈપણ સ્થળે જઈને એક્સ-રે કરી શકાય તેવુ ઈમ્પોર્ટેડ ડિઝીટલ રેડીયોગ્રાફી સિસ્ટમ સાથેનુ અધ્યતન પોર્ટેબલ એક્સ-રે મશીન તથા જરુરી તપાસ અને સારવાર માટેના સંસાધનોથી સજ્જ છે. જેમા સ્થળ પરજ ત્રણ દર્દીઓના સ્ક્રીનીંગ કરી નિદર્શન કરવામાં આવેલ તેમજ પ્રસ્થાન થયેલ વાન ત્રાપજ આરોગ્ય કેન્દ્ર પહોંચી ત્યાં ટીબી રોગનુ સ્ક્રીનિંગ નિદાન કેમ્પ યોજી આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવેલ.

### જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન — જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ પોલીસે આંતરરાજય સાયબર ક્રિમીનલોની ગેંગ પકડી

## નાગરીકોને અલગ અલગ બહાના બતાવી બેંક એકાઉન્ટ મેળવી તેનો ઉપયોગ કરી ફ્રોડ કર્યો

જુનાગઢ,

ભારત દેશમાં છેલ્લા ઘણા સમયથી સાયબર ક્રાઈમ કરનારા અપરાધીઓ દ્વારા અલગ અલગ મોડલ ઓપરેન્ડીથી નાગરીકોને અલગ અલગ બહાનાઓ બતાવી તેમના બેંક એકાઉન્ટોની વિગતો મેળવી તેનો સાયબર ક્રાઈમના ગુન્હાના અંજામ આપવાનું કામ કરતા હોય આવી એક ગેંગ જુનાગઢ રેન્જ વિસ્તારમાં સક્રિય થયેલ હોવાનું ખાનગી રાહે જણાઈ આવેલ હોય. તે બાબતે જુનાગઢ રેન્જ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાએ આવા ક્રાઈમને અટકાવવા અને સાયબર ફ્રોડના બનાવો રોકવા તેમજ સાયબર ક્રિમીનલોને પકડી સાયબર ક્રાઈમ રોકવા સાયબર પોલીસ સ્ટેશન જુનાગઢના પીઆઈ સી.વી.નાયક અને તેમની ટીમ દ્વારા આ બાબતે સતત વોચ રાખવામાં આવતી હતી. એક અરજદાર તરફથી ઉપરોક્ત બાબતે અરજી મળતા તેમની ફરીયાદ લઈ આઠ આરોપીઓને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ જેમાં અભિષેક ઉર્ફે અભિ શાંતિલાલ માથુકીયા, સચિન ઉર્ફે ભોલો ગોવિંદભાઈ વોરા, આર્યન ઉર્ફે દાતાર મહેબુબભાઈ પઠાણ, ધર્મેશ હરસુખભાઈ ગોહેલ, સતીષ દેવરાજભાઈ કરમટા, અબ્દુલ કરીમ હસનભાઈ જેઠવા, આસીફ રહીમભાઈ બેલીમ, નયનાબેન ઈન્દ્રવદનભાઈ ટાંકને ઝડપી લઈ જેમાં અલગ અલગ કુલ ૨૦૦ જેટલા બેંક એકાઉન્ટોની સંડોવણી પ્રાથમિક રીતે ખુલી આવેલ અને હાલમાં કુલ ૮૨ બેંક એકાઉન્ટ વિરૂધ્ધ આખા દેશમાં એનસીસીઆરપી પોર્ટલ પર કુલ ૧૫૨ ઓનલાઈન કમ્પલેઈન નોંધાયેલ છે. જે પૈકી કુલ ૪૨ બેંક એકાઉન્ટોમાં રૂા.૫૦, ૦૦,૩૨, ૩૬૬ નું સાયબર ફ્રોડ કરેલ છે.

### કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન — કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છમાં પ્રાકૃતિક કૃષિની વર્તમાન સ્થિતિની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

## માળખાકીય સુવિધા વિકસાવવા સહાય સહિતની ચર્ચા કરાઇ

ભુજ, ગુજરાત રાજયના માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે સતત માર્ગદર્શન આપીને નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે કચ્છ કલેક્ટરશ્રી અમતિ અરોરા દ્વારા કચ્છમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે હેતુથી સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી પી.કે.તલાટીએ તમામ સભ્યોને આવકારીને જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની વર્તમાન સ્થિતિ અંગે વિસ્તૃત જાણકારી જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાને આપી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ પ્રાકૃતિક ખેતી સાથે તાજેતરમાં નવા જોડાયેલા ખેડૂતોની સંખ્યા અને તેમની ખેત ઉત્પાદનો માટે વેચાણ વ્યવસ્થા, કલસ્ટરદીઠ તાલીમ, મોડલ ફાર્મ, પ્રાકૃતિક પેદાશોના વેચાણ કેન્દ્રો, સબસીડી, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોની જમીનમાં સેન્દ્રિય કાર્બનની ટકાવારી, જમીન નમૂનાઓનું લેબમાં પરિક્ષણ, જીવામૃત અને ઘનામૃત બનાવવા માળખાકીય સુવિધાઓ વિકસાવવાની સહાય યોજનાઓ, દેશી ગાય નિભાવ ખર્ચ સહાય યોજના તથા ગ્રામ્યકક્ષાએ પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરનાર ખેડૂતો વગેરે અંગેની વિગતો મેળવી હતી.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – દિવાળી ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી



સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૧૮-૧૨-૨૦૨૪ બુધવાર



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧ અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo.70169 65665
અમરેલી બ્રાન્ચ -૨ સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665


### ખોડલધામ સમાધાન પંચનાં અધ્યક્ષ શ્રી મનુભાઇ વલ્લભભાઇ દેસાઇ પરિવારમાં અનેરો અવસર

# ચિત્તલનાં શ્રી દેસાઇ પરિવારમાં રૂડો લગ્નોત્સવ

**ચિત્તલ નિવાસી અ.સૌ.ભારતીબેન તથા શ્રી જયસુખભાઇ મનુભાઇ દેસાઇનાં સુપુત્ર ચિ.અભિષેકનાં શુભલગ્ન**

**ધોરાજી નિવાસી અ.સૌ.મેનાબેન તથા શ્રી બિપીનભાઇ નરસિંહભાઇ રાખોલીયાની સુપુત્રી ચિ.ગ્રીશા સાથે યોજાશે**

અમરેલી,

શ્રીખોડલધામસમાધાનપંચ અમરેલી જિલ્લાનાં અધ્યક્ષ શ્રી મનુભાઈ વલ્લભભાઈ દેસાઈ તથા શ્રી ભગવાનભાઈ વલ્લભભાઈ દેસાઈ, શ્રી જયસુખભાઈ મનુભાઈ વલ્લભભાઈ તથા શ્રી વિજયભાઈ ભગવાનભાઈ દેસાઈ પરિવારમાં રૂડો લગ્નોત્સવ યોજાનાર છે તે માટે દેસાઈ પરિવાર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. ચિત્તલ નિવાસી અ.સૌ.ભારતીબેન તથા શ્રી જયસુખભાઈ મનુભાઈ દેસાઈનાં સુપુત્ર ચિ.અભિષેકનાં શુભલગ્ન ધોરાજી નિવાસી અ.સૌ.મેનાબેન તથા શ્રી બિપીનભાઈ નરસિંહભાઈ રાખોલીયાની સુપુત્રી ચિ.ગ્રીશા સાથે તા.૨૦-૧૨-૨૪ શુક્રવારનાં રોજ લગ્નોત્સવ યોજાનાર છે. જેમાં તા.૧૮ બુવારે સાંજે ૮:૩૦ કલાકે ગીત ગુંજન અને તા.૧૯ ગુરૂવારે સવારે ૮ કલાકે મંડપમુહુર્ત, બપોરે ૪ કલાકે હલ્દી રસમ, દેસાઈ કોટેક્ષ ખાતે યોજાશે. તા.૧૯ ગુરૂવારે સાંજે ૯ કલાકે દાંડીયારાસ અને તા.૨૦-૧૨-૨૪ શુક્રવારે બપોરે ૨ કલાકે ચિત્તલથી ધોરાજી મુકામે જાન પ્રસ્થાન થશે. અને તા.૨૦ શુક્રવારે રાત્રીનાં કલાકે હસ્ત મેળાપ યોજાશે. ભોજન સમારોહ અને નવ દંપતિ સત્કાર સમારોહ તા.૨૧ શનિવાર સાંજનાં ૬ કલાકે દેસાઈ કોટેક્ષ ચિતલ ખાતે યોજાશે. આ લગ્નોત્સવમાં સગા, સ્નેહી, પરિવારજનો, વિવિધ ક્ષેત્રનાં આગેવાનો અને વેપારીઓ સહિત ઉપસ્થિત રહી નવ દંપતિને આશિર્વચન પાઠવશે. લગ્નોત્સવની દેસાઈ પરિવાર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

# વાંકીયા ચાંદગઢ રોડનું ૧૨ કરોડના ખર્ચે રિસર્ફેસીંગ કરાશે

**સીસી રોડ તથા રોડ ફર્નિચરનાં કામને મંજુરી અપાવતા શ્રી કૌશિક વેકરીયા**



અમરેલી,

અમરેલીના યુવાન અને કર્મઠ ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરિયાએ પોતાના મતવિસ્તારના રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય એ માટે રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન વિભાગહસ્તકના વાંકિયા-ચાંદગઢ રોડ ૦/૦ થી ૧૯/૦કિલોમીટર રસ્તાના રિસરફેસીંગ વિસ્તારમાં સી.સી. રોડ તથા રોડ ફર્નિચરના કામ માટે રૂપિયા ૧૨ કરોડની રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ રકમમાંથી અમરેલી જિલ્લાના મુખ્ય માર્ગનું રિકાર્પેટનું કામ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. રસ્તાના નવીનીકરણનું આ કામ સંપન્ન થતા, આ વિસ્તારની પ્રજાને પડતી મુશ્કેલીમાંથી મુક્તિ મળશે એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં આવેલ છે.

# અમરેલીમાં તા.૧૯ ડિસેમ્બરના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે

**રોજગાર ઇચ્છુકોએ અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રજીસ્ટ્રેશન કરાવવું**

અમરેલી,

અમરેલી જિલ્લા વિનિમય કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૧૯ ડિસેમ્બર,૨૦૨૪ને ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે રોજગાર ભરતીમેળાનું આયોજન છે.

અમરેલી જિલ્લાના ૧૮ થી ૨૩ વર્ષની વયમર્યાદામાં, રોજગાર ઈચ્છુક પુરુષ માટે ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ ક્વેસ કોર્પ લિમિટેડ (ટાટા મોટર્સ) સાંણદ માટે ખાલી જગ્યાને અનુરુપ ધો.૧૨ પાસ/ આઈ.ટી.આઈ ૦૨ વર્ષ ટ્રેડ લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ કેમ્પસ) લાઠી રોડ, અમરેલી ખાતે ભરતીમેળો યોજાશે.

### કારખાનેદારના લેટર સાથે હિરાઘસુઓ લાભ લઈ શકશે

# અમરેલી જિલ્લામાં રત્નકલાકારો અને તેના પરિવારને ૬ માસ બ્લડ ફ્રી અપાશે

**વેદ વોલેન્ટરી બ્લડ બેંક દ્વારા રત્નકલાકારો માટે જાહેરાત**

અમરેલી, અમરેલી જિલ્લામાં હીરાની મંદીના કારણે બેકાર બની ગયા હોય તેવા રત્ન કલાકારો તથા તેમના પરિવાર માટે આગામી ૬ મહિના સુધીમાં બ્લડની જરુર પડે તો ફ્રીમાં આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંગેની વિગતો આપતા અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશનના અને વેદ વોલેન્ટરી બ્લડ બેંકના પ્રમુખ લીલીતભાઈ ઠુંમરએ જણાવ્યું કે, હાલમાં હીરા બજારમાં જે મંદીની પરિસ્થિતિ છે અને અનેક કારખાના બંધ થવાના કારણે જે રીતે રત્ન કલાકારો બેકાર બન્યા છે તે જોતા જે જે પણ કારખાના બંધ થયા છે તેવા બેકાર બનેલા તમામ રત્ન કલાકારો તથા હાલમાં જિલ્લામાં જે જે કારખાનાઓમાં કામ કરી રહ્યા છે તે તમામ ૪૭ હજાર રત્ન કલાકારો અને તેના તેમના પરિવારો કે જેમાં પતિ, પત્ની, બાળકો અને માતા પિતાનો સમાવેશ થાય છે તેને ફ્રીમાં બ્લડ અપાશે. સામે તેમણે બ્લડ જમા કરવું પડશે. જિલ્લાના કોઈપણ રત્ન કલાકારો આગામી ૬ મહિના સુધી ગમે ત્યારે પોતાના કે પરિવાર માટે આ યોજનાનો લાભ લઈ શકશે. આ માટે તેમણે કારખાનનાની વિગત આપવી પડશે અને આધાર કાર્ડ આપવું પડશે. યોજનાનો લાભ લેવા હે તે તાલુકાના ડાયમંડ એસોયિશનના પ્રમુખનો સંપર્ક કરી શકાશે.

# અમરેલીનાં અયોધ્યા એપાર્ટમેન્ટમાં ચાલતા સ્પા બંધ કરાવવા માંગણી

**ચીફ ઓફીસરને ફરી રજુઆત કરતા બે-ત્રણ દિવસમાં ઘટતુ કરવા ખાતરી આપી**



અમરેલી,

અમરેલીનાં અયોધ્યા એપાર્ટમેન્ટમાં ચાલતા સ્પા બંધ કરાવવા આ એપાર્ટમેન્ટનાં રહીશોએ નગરપાલિકાના ચીફ ઓફીસરને બપોરે રજુઆત કરી ૮ વાગ્યા સુધીનો સમય આપ્યો હતો. નહીંતર આત્મવિલોપન કરવા જણાવેલ. અને તેમા રાતનાં ૮ ગાગ્યા સુધીનો સમય આપેલ. મોડી રાત્રે રહીશોને ફરી કોઈ પ્રતિસાદ ન મળતા મોડી રાત્રે નગરપાલિકાએ ગયા હતાં અને ત્યાં બે ત્રણ દિવસમાં ઘટતુ કરવાની ખાતરી મળી હતી.

### બગસરા વાંઝાજ્ઞાતિ સમાજ દ્વારા

# બગસરા શહેરમાં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા

**આર્મી મેનનું સન્માન શૈક્ષણિક સમારંભ અને નૂતન વર્ષ સ્નેહ મિલન સહિતના કાર્યક્રમો યોજાયા**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરા વાંઝા જ્ઞાતિ સમાજના પ્રમુખ શ્રી રશ્વિનભાઈ ડોડીયા તેમજ કારોબારી સભ્યો વાંઝા જ્ઞાતિ સમાજ બગસરા દ્વારા તા.૧૫/૧૨/૨૦૨૪ને રવિવારના રોજ અહીના સુપ્રશિધ પ.પૂ.શ્રીઆપાગીગા ગાદી મંદિર ખાતેથી વાંઝાજ્ઞાતિ સમાજના યુવાનની અગ્નીવીરમાં ભરતી થતાં વાંઝાજ્ઞાતિ સમાજ દ્વારા રેલીનું ભવ્ય આયોજન કરવામાં આ રેલીની શરૂઆત પ.પૂ.શ્રીઆપાગીગા ગાદીમંદિરના મહંત પ.પૂ.શ્રીજેરામબાપુએ અગ્નિવીર તિલક કરી રેલી શરૂઆત કરાવેલ આ દરમ્યાન બગસરાના દરેક સમાજના લોકો દ્વારા અગ્નિવીર 'કરણમાંડલિયા' દેશસેવા માટે સંમર્પિત ભાવને ફૂલડે વધાવ્યો હતો તેમજ બગસરાના નગર પાલિકા પૂર્વ પ્રમુખ નાગભાઈ ધાધલ દ્વારા ફૂલહાર કરી શાલ ઓઢાડી સન્માન કરવામાં હતુ તેમજ બગસરા સમસ્ત બ્રહ્મ સમાજ વતી શૈલેષભાઈ ધાંધિયા રવિભાઈ વ્યાસ હાર્દિકભાઈ બામટા ડી.જી. મહેતા સહિત અગ્નિવીરનું સન્માન કર્યું હતું તેમજ બગસરા શ્રીગોપાલલાલ મંદિરે અગ્નીવિરે દંડવત કરી પ્રભુ શ્રી ગોપાલલાલજી મહારાજના આશીર્વાદ મેળવ્યા હતા આ શોભાયાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવેલ ત્યાર બાદ બગસરા વાંઝા જ્ઞાતિ સમાજ દ્વારા દર વર્ષની જેમ લઈને ઉચ્ચ અભ્યાસ કરતા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ શરૂ કરવામાં આવ્યો હતો જેમાં એલ.કે.જી. થી સર્વોચ્ય ડિગ્રી મેળવેલ વિદ્યાર્થીઓ નું સન્માન કરવામાં આવ્યું હતું જેમાં વિશિષ્ટ સન્માન રોકડ પુરસ્કાર બગસરા રશ્મિ ડિઝાઈન વાળા રાજેશભાઈ કેશવજીભાઈ ખોરાસિયા દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ માં ૯૦% વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પુરસ્કાર કરેલ તેમજ વાંઝા જ્ઞાતિ સમાજ બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ પાસ કરેલ તમામ વિદ્યાર્થીઓને કોલેજ બેગ આપવામાં આવી હતી ત્યારબાદ વાંઝા જ્ઞાતિના વિદ્યાર્થીઓ દ્વારા વિશિષ્ટ પ્રકારની રાજ્ય તેમજ દેશ લેવલની પરીક્ષા તેમજ સ્પર્ધા ભાગ લઈ જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ વિશ્વા અલ્પેશભાઈ જેઠવા રાજ્ય કક્ષાની બોક્સિંગમાં બ્રોન્ઝ મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ તેમજ નિમિષા ભરતભાઈ માંડલિયા ભારત સરકાર દ્વારા યોજાયેલ રંગોત્સવમાં જિલ્લા લેવલે ગોલ્ડ મેડલ મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ તેમજ સોમૈયા મયુરભાઈ હીંગુ ભારત સરકાર દ્વારા યોજાયેલ રંગોત્સવમાં રાઈટિંગ સ્પર્ધામાં જિલ્લા લેવલે બ્રોન્ઝ મેડલ મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ તેમજ દિયા અલ્પેશભાઈ ગોહેલ અમરેલી જિલ્લા ચેમ્પિયનશિપ ૨૦૨૪માં દ્વિતીય વિજેતા થતાં સન્માન કરવામાં આવેલ તેમજ એકતા ધર્મેશભાઈ વાજા વોલીબોલ સ્પર્ધામાં તાલુકા કક્ષા એ પ્રથમ આવતા સન્માન કરવામાં આવેલ તેમજ અગ્નીવીર તરીકે આર્મીમાં જોડાયેલ કરણ માંડલિયાનું વાંઝા જ્ઞાતિ સમાજ દ્વારા શિલ્ડ અને મોમેન્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વિવિધ સમાજના આગેવાનો દ્વારા અગ્નીવિરને સન્માન કરવામાં તેમજ બગસરા બીજી જ્ઞાતિ બે યુવાનોનું પણ આ તકે શિલ્ડ અને મોમન્ટ આપી સન્માનિત કરાયા હતા કાર્યક્રમનું આયોજન બગસરા વાંઝા જ્ઞાતિ સમાજના પ્રમુખ રશ્વીનભાઈ ડોડીયાની આગેવાની હેઠળ કરવામાં આવેલ હતું કાર્યક્રમનું સંચાલન વિનુભાઈ ભરખડા દ્વારા કરાયેલ તેમજ આર્મી માટેનું પ્રવચન રાજગઢીયાએ કરેલ તેમજ પ્રસંગ અનુરૂપનું પ્રવચન બગસરા મંડળી જનરલ એમ ડી નિતેશ ડોડીયા તેમજ બગસરા મેઘાણી સાહિત્ય વર્તુળના પ્રમુખ અને રામાયણી ચંદ્રહાસભાઈ બસિયા અને બગસરા મેઘાણી હાઈસ્કુલ ના પ્રિન્સીપાલ જેઠવાએ કરેલ તેમજ આભાર વિધિ અગ્નિવીર અને આર્મી મેન કરણ માંડલિયાએ કર્યુ હતું.

# બગસરા શહેર ભાજપ મહામંત્રી મસરાણીનો આજે જન્મ દિવસ

**શ્રી મસરાણીના જન્મદિને સેવાકાર્યો સાથે આજે ઉજવણી**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા જલારામ ગ્રુપના અને આશીર્વાદ રેસ્ટોરન્ટ જલારામ રેસ્ટોરન્ટ તેમજ બગસરા શહેર ભાજપ મહામંત્રી અને બગસરા મોટી હવેલી વૈષ્ણવ યુથ કલબના સક્રિય મેમ્બર તેમજ બગસરા લોહાણા મહાજનના ટ્રસ્ટી એવા ભાવેશભાઈ મસરાણીનો આજે જન્મ દિવસ છે આમ જોઈએ તો બગસરાની ધરામાં સેવા પરમો ધર્મ જેનું સૂત્ર સાર્થક કર્યું હોય તેવા ભાવેશભાઈ હંમેશા પૂ.જલારામ બાપાએ ચિંધ્યા માર્ગ એટલે દેને કો ટુકડા ભલા લેને કો હરિ નામ ને સાર્થક કરતા હોય તેમજ સમાજ સેવા તેમજ દરિદ્ર નારાયણ ની સેવા સહિત અનેક કાર્યો માં રચ્યા પચ્યા રહેતા ભાવેશભાઈ સેવા પરમો ધર્મ સાર્થક કર્યુ છે જેથી જ બગસરાની મોટી હવેલીના ગો.પૂ.પા.૧૦૮ શ્રી પ્રભુજીબાવાશ્રી ની અસીમ કૃપા મેળવનાર તેમજ તેમજ સામાજિક મિત્રો સ્નેહીઓ આજે તેમના જન્મ દિવસે અઢળક શુભેચ્છા પાઠવશે

# સાવરકુંડલામાં દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળના પ્રમુખ પ્રકાશગીરી ગોસ્વામીનો આજે જન્મદિવસ

**જન્મદિન નિમિતે શુભકામનાઓનો ધોધ વહેશે**



સાવરકુંડલા, સાવરકુંડલા દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળના પ્રમુખ, મહા ગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળ સૌરાષ્ટ્ર પ્રદેશ ના ઉપપ્રમુખ, ગુજરાત ફેડરેશન અમરેલી વિભાગ ના પૂર્વપ્રમુખ, અખિલ ભારતીય દશનામ ગોસ્વામી સમાજ સૌરાષ્ટ્ર પ્રદેશના પૂર્વપ્રમુખ પ્રકાશગીરી ઈશ્વરગીરી ગોસ્વામી મુનાબાપુ નો આજે જન્મ દિવસ હોવાથી સમગ્ર ગુજરાત માંથી સાધુ સંતો મહંતો, મહામંડલેશ્વરો તેમજ સાધુ અગ્રણીઓ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર એસ.ટી.ના કર્મચારીઓ પ્રકાશગીરી ઈશ્વરગીરી ગોસ્વામી મુનાબાપુ ના મોબાઈલ નંબર ૯૯૧૩૧૯૭૨૧૧ પર જન્મ દિવસ ની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

### હળવદ નજીક બાળકો સાથે રેલવે ટ્રેક ક્રોસ કરી રહેલી મહિલાનો અકસ્માત : ૨ બાળકોના મોત

# રાજુલામાં વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાયો

**ગાંધીમંદિર ખાતે બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ દ્વારા આયોજન**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા ખાતે ગાંધી મંદિર બ્રહ્મસમાજ કર્મચારી મંડળ દ્વારા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ તેમજ બ્રહ્મ સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જાણવા મળતી વિગત મુજબ ૨૫ વર્ષથી બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ દ્વારા બ્રહ્મ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવે છે રવિવારના રોજ ગાંધી મંદિર ખાતે પણ આ સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૭ જેટલા વિદ્યાર્થીભાઈઓ બહેનોને તેમજ મોમેન્ટો આપી અને સન્માનિત કરવામાં આવ્યા હતા આ તકે વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમમાં રજૂ કરાવામાં આવ્યા હતા અને સફળતા પ્રાપ્ત કરનાર દરેક બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. જેમાં બહોળી સંખ્યામાં બ્રહ્મ સમાજના ભાઈઓ બહેનો માતાઓ વડીલો ઉપસ્થિત રહ્યા હતા અને અંતમાં અલ્પાહારનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ. આ તકે કે.એમ. જાની પ્રવીણભાઈ જાની, વિજયભાઈ જોશી મનસુખભાઈ જોશી, શશીભાઈ રાજયગુરુ, હરેશભાઈ તેરૈયા, પ્રવિણાબેન મહેશભાઈ વ્યાસ, હિતેશભાઈ ઝાંખરા, ચિરાગભાઈ જોશી, મનોજભાઈ વ્યાસ, જાગૃતિબેન રવૈયા, કમલેશભાઈ વ્યાસ, રાજયગુરુભાઈ, ભુપતભાઈ જોષી, ચિરાગભાઈ જોશી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### ધારી વકીલ મંડળનાં અપાર સ્નેહથી

# ધારી વકીલ મંડળમાં સતત ૧૨ મી વખત બિનહરીફ થતા શ્રી વનરાજભાઇ વાળા

**બિનહરીફ થયેલા શ્રી વાળા ઉપર અભિનંદનની વર્ષા**



ચલાલા, (પ્રકાશ કારીયા) ગુજરાત રાજ્ય કાઠી ક્ષત્રિય સમાજ સંગઠન ના લીગલ એડવાઈઝર અમરેલી જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા ઉપ પ્રમુખ તેમજ નાની ગરમલી ગામના જાગૃત સરપંચશ્રી તેમજ કર્મનિષઠ અને સરળ વ્યક્તિત્વ, દરેક ખુબ ઉત્સાહ પૂર્વક કરનાર, વકીલ પરીવાર ના શુભ ચિંતક શ્રી વનરાજભાઈ વાળા બિનહરીફ થતા ખુશી વ્યાપી છે. ધારી વકીલ ના પ્રમુખ શ્રી વનરાજભાઈ વાળા એ હંમેશા વકીલ પરીવાર સભ્યો ના હિત મા પ્રશંસનીય કામગીરી કરી છે તેથી જ ધારી વકીલ મંડળ ના સીનિયર અને જુનીયર વકીલો મા પ્રમુખ શ્રી વનરાજભાઈ લોકપ્રિય બન્યા છે. ધારી કોર્ટ મા પ્રમુખ શ્રી વનરાજભાઈ વાળા એ વકીલ મંડળ પરીવાર ને અનેક સુવીધા પ્રાપ્ત કરાવી અનેક ને પોતાની સુજબુજ થી નિકાલ કરાવેલ છે.પ્રમુખ તરીકે વિજેતા બનતા શ્રી વનરાજભાઈ વાળા ને ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા સહિત જીલ્લા અને તાલુકા ભરના ના રાજકીય સામાજીક આગેવાનો. કાઠી ક્ષત્રિય સમાજ ના આગેવાનો સહિત અન્ય સમાજ ના આગેવાનો અને જીલ્લા ભર ના સીનિયર અને જુનીયર વકીલો.અને વિશાળ મિત્ર મંડળ અને શુભકામનાઓ ની વર્ષા વરસાવી આંનદ ની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

# અમરેલીનાં સામાજીક કાર્યમાં અગ્રેસર શ્રી વિપુલ મકવાણાનો આજે જન્મદિન

**શ્રી મકવાણાનાં જન્મદિને શુભકામનાઓનો ધોધ**



અમરેલી,અમરેલી ના વિપુલ ઓન્લી ન્યુઝ પેપર વાળા અને ડેઈલી પેપર ની ફ્રીમાં સેવા આપતા અને અમરેલી નાં જાણીતા પત્રકાર એવા શ્રી વિપુલભાઈ મકવાણા નો આજે જન્મદિવસ છે. આજે વિપુલ મકવાણા ને જન્મદિવસ નિમિત્તે અનેક સંસ્થાઓ કાર્યકરો, મિત્રો,સગા સબંધીઓ,પત્રકાર મિત્રો ,વ્યાપારી મિત્રો વિપુલ મકવાણા ને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.


### પહેલા પાનાનું


### ગોઝારો અકસ્માત

ખાનગી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયું હતું જેમાં રાજુલા જાફરાબાદ વિસ્તારના કુલ ચાર વ્યક્તિના મોત થયા હતા જ્યારે ૧૧ વ્યક્તિઓ ઘાયલ થયા હતા જેમાં ખુશીબેન કલ્પેશભાઈ બારીયા ઉંમર ૮ તમન્નાબેન ભરતભાઈ કવાડ ઉંમર વરસાદ જયારે ગોવિંદભાઈ ભરતભાઈ કવાડ ઉંમર વર્ષ ચાર અને ચતુરાબેન મધુભાઈ ઉંમર વર્ષ ૪૫ સહિત ચાર વ્યક્તિના મોત થયા હતા જ્યારે અન્ય ૧૧ વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ થતા જેમને ભાવનગર તળાજા રિફર કરવામાં આવ્યા હતા. આ ઘટના બનતા રાજુલા જાફરાબાદ વિસ્તારમાંથી અનેક લોકોએ ભાવનગર દોડી હતા અને પોતાના પરિવારજનોની શોધ કોણે શરૂ કરી હતી આ તમામ પરિવારો સુરત ખાતે લગ્ન પ્રસંગમાં અને આ સમૂહ લગ્નમાં હાજરી આપી પરત ફરતા હતા ત્યારે આ ઘટના બનતી હતી લગ્ન બાદ આખો પ્રસંગ માતમમાં ફેરવાઈ ગયો હતો. આ ઘટનામાં ત્રણ ઉંમરા બાળકો સહિત ચાર વ્યક્તિઓના મોત થયા હતા ૧૧ વ્યક્તિઓને ગંભીર કે સામાન્ય ઈજાઓ તથા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

### આહીર સમાજના સમૂહલગ્નમાં હાજરી આપી પરત ફરતી વેળાએ પતિની નજર સામે પત્નીનું મોત

સુરત ખાતે આહિર સમાજના ભવ્ય સમૂહ લગ્ન હતા જેમાં રાજુલા કોટડી અને માંડળ વિસ્તારના પણ લગ્ન હતા જમા હાજરી આપવા ગયા ત્યારે પરત ફરતી વેળાએ આહીર સમાજના ત્રણ વ્યક્તિઓનું અવસાન થયું હતું જેમાં રાજુલા તાલુકા પંચાયતની ચૂંટણી લડેલા માધુભાઈ નાથાભાઈ હડિયાના ધર્મ પત્નીનો પણ સમાવેશ થાય છે જેનું મોત થયું હતું.

### માતાની નજર સામે આઠ વર્ષની દીકરીનું મોત

આ અકસ્માતમાં રાજુલા તાલુકાના મોરંગી ગામની એક કોળી સમાજની આઠ વર્ષની પણ સમાવેશ થાય છે જેનું મોત થયું હતું જે ત્રણ દીકરીઓ સાથે સુરત ખાતે પોતાના ફઈજીના દીકરાના લગ્નમાં ગયેલ હતા ત્યારે ખુશીબેન નું માર્ગ અકસ્માતમાં મોત થયું હતું જ્યારે અન્ય લોકોને સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવ્યા હતા.

### ધારાસભ્ય શ્રી સોલંકી સહિતના આગેવાનોએ શોક વ્યક્ત કર્યો

ઘટનાની જાણ રાજુલા જાફરાબાદ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તાત્કાલિક હોસ્પિટલે ટેલીફોનિક સંપર્ક કરી અને પરિવારજનોનો સંપર્ક કર્યો હતો અને હોસ્પિટલના સત્તાવાળાઓને સૂચનાઓ આપી અને જવાબદારો સામે પગલાં ભરવા રજૂઆત કરી હતી અને સોશિયલ મીડિયા મારફત ધારાસભ્ય દ્વારા શ્રદ્ધાંજલિ વ્યક્ત કરવામાં આવી હતી.આમ આ અકસ્માત થી રાજુલા જાફરાબાદ વિસ્તારમાં શોકનું મોજુ ફરી હતું

### ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સાંત્વના પાઠવી


ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર બનેલા આ બનાવના સંબંધને તાત્કાલિક અસરથી ધારાસભ્ય હીરાભાઈ સોલંકી હોસ્પિટલના સત્તાવાળાઓ તેમજ પોલીસ તંત્રને સુચનાઓ આપી હતી તેમજ આ પરિવારનો ટેલીફોનિક સંપર્ક કરે આ સાંત્વના આપી હતી જ્યારે ઘાયલોને વ્યવસ્થા માટે સંબંધિત તંત્રને સુચના આપી હતી અને પોતાના સોશિયલ મીડિયા મારફત મૃત આત્માને શાંતિ મળે તે માટે સાંત્વના પાઠવી હતી.

### એકના એક પુત્ર સહિત ભાઈ બહેન નાં મોત.....

ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર થયેલા આ અકસ્માતમાં માંડળ ગામના બે સગા ભાઈ બહેનના મોત થયા હતા. જેમાં તમન્નાબેન ઉંમર વર્ષ સાત અને ગોવિંદભાઈ ઉંમર વર્ષ ચાર આ બંને સગા ભાઈ બહેનના મોત થયા હતા.આ ભરતભાઈ કવાડ પરિવારને દીકરીઓ છે તેમાંથી એક દીકરીનું આ અકસ્માતમાં મોત થયું હતું જ્યારે એકના એક પુત્રનું પણ મોત થતા આ પરિવાર ઉપર સંકટ આવી ચડ્યું છે

# ત્રાપજ ખાતે અકસ્માતમાં મૃતકોનાં વારસદારોને પુ. મોરારિબાપુની શ્રધ્ધાંજલી અને સહાય અપાઇ

**દરેકને ૧૫ હજાર લેખે ૯૦ હજારની સહાય અર્પણ**



રાજુલા, (કનુભાઈ વરૂ) ગત વહેલી સવારે ભાવનગર જીલ્લાના ત્રાપજ ખાતે સુરતથી રાજુલા જઈ રહેલી એક ખાનગી બસનો ભયાનક અકસ્માત થયો હતો. એપલ ટ્રાવેલ ની બસ થી રાજુલા જઈ રહી હતી ત્યારે ત્રાપજ ખાતે એક ડમ્પર બંધ હાલતમાં ઉભું હતું તેની સાથે અથડાતાં સર્જાયેલા અકસ્માતમાં પ્રાપ્ત વિગતો અનુસાર ૬ લોકોનાં કરુણ મોત નિપજ્યા છે અને અનેક લોકોને ઈજા પહોંચી છે. અકસ્માત થયો તે સમયે હાઈવે ચિચિયારીઓ થી ગાજી ઊઠ્યો હતો. આ અત્યંત દુ:ખદ બસ દુર્ઘટનામાં પામેલાઓને મોરારિબાપુએ શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રૂપિયા ૯૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. આ સિવાય થોડા દિવસ પહેલાં નારી નજીક અકસ્માતમાં એક સાધુ યુવકનું મોત નિપજ્યું હતું તેમના પરિવારજનોને પણ રૂપિયા પંદર હજાર ની સહાયતા રાશિ પૂજ્ય બાપુએ પાઠવી પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ

મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ — સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ

YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવજયતે

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

પાના નં.૭

તા.૧૮-૧૨-૨૦૨૪ બુધવાર





શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...

એક જ ભાવ વ્યાજબી ભાવ

હંમેશા કંઇક નવું...

(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪





BAJAJ FINSERV

આશાપુરા ફર્નીચર

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૫૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## ઈફકોના ચેરમેન શ્રીદિલિપભાઈ સંઘાણી દ્વારા દિપ પ્રાગટય કરાયું

# અમરેલીમાં એફપીઓ કિસાન મેળાનો પ્રારંભ

### અશ્વિનભાઈ સાવલીયા, અરૂણભાઈ પટેલ, દિપકભાઈ માલાણી, મનિષભાઈ સંઘાણી, જયંતિભાઈ પાનસુરીયા, બી. એસ. કોઠીયા, આર. એસ. પટેલની ઉપસ્થિતિ


અશ્વિનભાઈ સાવલીયા, અરૂણભાઈ પટેલ, દિપકભાઈ માલાણી, મનિષભાઈ સંઘાણી, જયંતિભાઈ પાનસુરીયા, બી. એસ. કોઠીયા, આર. એસ. પટેલની ઉપસ્થિતિ










અમરેલી,અમરેલી જીમખાના મેદાનમાં આજે એફપીઓ કિસાન મેળો યોજાયો હતો.જેમાં જુદા જુદા કંપનીના ટ્રેકટરો,ઈફકો કંપની દ્વારા નેનોયુરીયા,ડ્રોનથી ખાતરનો છંટકાવ તેમજ ગીર ગાય આધારીત જુદી જુદી પ્રોડકટ ઉત્પાદન કરનારાઓ તેમજ ઓર્ગેનિક શાકભાજી વેચનારાઓ સ્ટોલમાં પોતાની પ્રોડકટો રાખીને વેચાણ કર્યુ હતું.ખેડુતોને સહકારથી સમૃધ્ધિ તરફ લઈ જવા માટે કેન્દ્ર સરકારના પ્રયાસોથી આવા કૃષિમેળાનું આયોજન કરી ખેડુતો પોતાની પ્રોડકટ લોકોને વહેંચીને તેનો સીધો લાભ મેળવી શકે છે.ડો.રાકેશ અરાવતીયાએ જણાવેલ કે ગુજરાત કોપરેટીવ છે.જેના કારણે કૃષિ મેળા યોજાઈ છે. સ્ટોલમાં મળતી આવક સીધી ખેડુતોને મળે છે.અને પોતાનો માલ વહેંચી શકે છે. ખેડુતોને નવી ટેકનોલોજી મળી રહે તે માટે એફપીઓ મેળાનું આયોજન કરવામાં આવે છે.કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી દિલિપભાઈ સંઘાણીએ જણાવેલ કે ગુજરાતમાં એફપીઓ મેળાનું આયોજન કયાં કરવું તે વાત આવતા અમરેલીમાં યોજવા માટે સજેશન કરતા એફપીઓ મેળાનું આયોજન કરવામાં આવેલ.શ્વેતક્રાંતિથી રોજગારી ગીરગાયની ઓલાદ આપી શકીએ તે માટે ડેરીના માધ્યમથી ગાવડકા સુગર ફેકટરીની જગ્યામાં પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ છે.અમર ડેરી દ્વારા રૂા.૫૦ હજાર લેખે હાલ એક ગીર ગાયના બચ્ચાની ખરીદી શરૂ કરી છે.ભારતની આર્થિક પરિસ્થિતિને સુધારવા સરકારશ્રી દ્વારા સહકાર મંત્રાલય બનાવી કામ શરૂ કરેલ છે.અને એક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થા બનાવી છે.સહકારના માધ્યમથી કેમ ચલાય તેના માટે સહકારથી સમૃધ્ધિ તરફ વિકાસના કાર્યો માટે અમલીકરણ અને ગ્રામ્યો પ્રશ્નોને ઉકેલવા સંકલનથી કામ થાય તેવા પ્રયાસો હાથ ધરેલ છે.સારામાં સારી સગવડતા ખેડુતોને મળે તે માટે ઈફકો અને એનસીવાયના સહયોગથી આધુનિક સંસાધનોનો લાભ મળશે.સ્વાગત પ્રવચનમાં અમરડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ જણાવેલ કે અમરેલીમાં ભારત સરકાર દ્વારા એફપીઓ મેળાનું આયોજન કરી શ્રીદિલિપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને ખેડુતો અને જુદા જુદા મહિલા સંગઠનો પોતાના માલનું ઉત્પાદન કરી તેમજ ખેડુતો ગીરગાય આધારીત ઓર્ગેનિક માલનું ઉત્પાદન કરી વેચાણ કરી શકે તે માટે આવા કૃષિ મેળાનું આયોજન કરવા બદલ દિલિપભાઈ સંઘાણીનો આભાર વ્યકત કરેલ.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા

દિવાળી ધમાકા ઓફર

AROMA
PREMIUM BODY SPA




લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧



શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?

તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેકટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક



લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.

RTO એડવાઇઝર

સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક

મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ, અમરેલી


## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



### સ્વ.કાશીબેન ખીમજીભાઇ હરખાણી (ઉ.વ.૯૬)

**સ્વ.તા.૦૯-૧૨-૨૦૨૪, સોમવાર ગામ : કેરીયાનાગશ**

નથી હયાત પણ તમે છો તેવુ હરપળ લાગ્યા કરે છે, નથી વિશ્વાસ થતો કે આપ અમારી વચ્ચે નથી,
મન નથી માનતુ કે હવે તમારો સહવાસ નથી, વસો છો આજુ બાજુ કયાંક એવો અહેસાસ સતત લાગે છે,
ખોટ પડી છે પરિવારને એવી કે હૃદયના ઘા કયારેય રૂજાશે નહિ, આપની કુટુંબ વાત્સલ્યતા અને સંસ્કાર વારસો
અમો એક ક્ષણ પણ ભુલી શકતા નથી, પણ જોઈ હસતી મુદ્રા તમારી રડી પડે છે આંખો અમારી.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.

ધનજીભાઇ શામજીભાઇ હરખાણી (U.S.A.) - ધીરૂભાઇ શામજીભાઇ હરખાણી (U.S.A.)
ડો.જયભાઇ શામજીભાઇ હરખાણી (U.S.A.) - શંભુભાઇ શામજીભાઇ હરખાણી (U.S.A.)
અંકિત ધીરૂભાઇ હરખાણી (U.S.A.) - વિનય જયભાઇ હરખાણી (U.S.A.)
વિવેક જયભાઇ હરખાણી (U.S.A.) - રાજેશ શંભુભાઇ હરખાણી (U.S.A.)
કપિલ શંભુભાઇ હરખાણી (U.S.A.)
ચીમનભાઇ કાનજીભાઇ હરખાણી - અશોકભાઇ કાનજીભાઇ હરખાણી
ધવલભાઇ ડાયાભાઇ હરખાણી - વિપુલભાઇ ચીમનભાઇ હરખાણી
કેયુર અશોકભાઇ હરખાણી (Australia) - શુભમ અશોકભાઇ હરખાણી (Australia)
હરખાણી પરિવારનાં જયશ્રી સ્વામિનારાયણ મુ.કેરીયાનાગસ, તા.જી.અમરેલી


રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

● બાયપાસ બ્રાન્ચ ●
સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

● બાબરા બ્રાન્ચ ●
સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

● ધારી બ્રાન્ચ ●
રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
આયશર 188 (મીની) ટ્રેક્ટર
ફક્ત રૂ.૧ લાવો ટ્રેકટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય
● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
રાજુલા,સાવરકુંડલા,અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫



સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ




ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
✚ કૈલાશ કલીનીક ✚
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૫



પાર્ટ-ટાઇમ જોબ સ્કેમથી સાવધાન રહો !
પાર્ટ-ટાઇમ જોબના નામે આસાનીથી પૈસાની લાલચ આપતા વિચિત્ર કોલર્સ અને સોશિયલ મીડિયાની જાહેરાતો
એક મોટો ખતરો છે.
● નોકરીની ઓફરો ઓનલાઇન તપાસો
● શંકાસ્પદ કોલ્સ ટાળો, વ્યક્તિગત માહિતી સુરક્ષિત રાખો.
ગૃહ મંત્રાલય MINISTRY OF HOME AFFAIRS
Indian Cyber Crime Coordination Centre
થોભો, વિચારો, પગલાં લો
www.cybercrime.gov.in અથવા ૧૯૩૦ પર તમારી ફરિયાદ નોંધાવો
વધુ માહિતી માટે સાયબર દોસ્તને ફોલો કરો
cbc 19101/13/0036/2425


## ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયાની રજુઆતથી રાજ્યનાં કેબીનેટ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાનાં પ્રયાસોથી

# ધારીમાં સવા બે કરોડનાં ખર્ચે જળ સંપત્તિ યોજના મંજૂર

### કન્સ્ટ્રકશન ઓફ કેનાલ સિસ્ટમ કન્વર્ટીંગ ફ્લો કેનાલ, કટીંગ કેનાલ સિસ્ટમ સાથેની ઇરીગેશન યોજના મંજુર કરતા રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ



અમરેલી, ધારીમાં ખોડીયાર ડેમ અનેક લોકોની જીવાદોરી સમાન બન્યો છે. ખોડીયાર ડેમ સાથે ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાની રજુઆતથી રાજ્યનાં જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયાએ ધારી જળ સંપત્તિ યોજના મંજુર કરી રૂ.૨.૧૬.૧૮.૦૯૧ નાં ખર્ચે કન્સ્ટ્રક્શન ઓફ કેનાલ સિસ્ટમ બાય કન્વર્ટીંગ ફ્લો કેનાલ સિસ્ટમ ઈનટુ કટીંગ કેનાલ સિસ્ટમ ઓફ ધારી માટે ઈરીગેશન યોજના મંજુર કરતા હવે ધારીનો સિંચાઈ ક્ષેત્રે પણ વિકાસ થશે. આ યોજના મંજુર કરવા બદલ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ તેમજ ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયાએ રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરી ખુશી વ્યક્ત કરી છે. ધારીની આ જળસંપતિ યોજના ખેડુતો સહિત અનેક લોકોને લાભદાયી નિવડશે તેથી આ વિસ્તારમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.


અમરેલીમાં હવેથી દર મહિનાના ત્રીજા ગુરુવારે સાંજે ૪ થી ૭ નિયમીત મળશે.
બાળકોના સ્પેશ્યાલીસ્ટ ડેન્ટીસ્ટ
✚ ડો.વૈભવ કોટેચા ✚ M.D.S.(પિડીયાટ્રીક ડેન્ટીસ્ટ)
આવતી કાલે ગુરૂવારે તા.૧૯-૧૨-૨૪ સાંજે ૪ થી ૭ મળશે.
ચેકઅપ અથવા સારવાર માટે ફોન ઉપર અથવા રૂબરૂ એપોઇન્ટમેન્ટ લખાવવી.
ૐ ડેન્ટલ ક્લિનીક
પહેલે માળ, સારથી કોમ્પ્લેક્સ, લીલીયા રોડ,અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦ / મો.૭૦૧૬૮ ૩૭૧૩૭



મસાજો ના શોખીનો માટે ધમાકા ઓફર
પ્રિમિયમ મસાજ અને સ્પા એકદમ ઓછી પ્રાઇઝ સાથે
અમરેલીમાં પ્રથમવાર જ (હોટ ઓઇલ) મસાજ થેરાપી
મહીલાઓ માટે ખાસ મહીલા થેરાપીસ્ટ
ફેમીલી અને કપલ્સ માટે બેસ્ટ સેન્ટર
BEST COMBO OFFER
અમારા રેગ્યુલર કલાઇન્ટ માટે સ્પેશ્યલ ઓફર
એક મસાજ સાથે એક મસાજ ફ્રી
માત્ર રૂા.૧૬૯૯/- માં (૨) મસાજ ૬૦ મીનીટ
આ ઓફર માત્ર થોડા સમય માટે જ
અનુભવી અને સર્ટિફાઇડ | થેરાપીસ્ટ ૧૦૦% લીગલ અને સુરક્ષિત
HEAVEN
Address : Keriya Road Bypass Ayodhya Apartment 2flor corner
Appointment Now : 70469 83483



"આધુનિક મહિલા માટે ભવ્ય ઘરેણાં"
શ્રી જવેલર્સ
કોઇપણ ઘરેણાની ઘડામણ ઉપર ૩૦% ની છુટ
કેરીયા રોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપ સામે, સ્ટેશન રોડ, અમરેલી.
PH : 99240 44244



તદ્દન મફત વિના મુલ્યે
આયુર્વેદ વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબીરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકોને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સુવર્ણ ભેટ
આયુર્વેદ ઈમ્યુનાઇઝેશન ફાયદાઓ
● યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો.
● આયુર્વેદિક રસીકરણ.
● ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઇનો વધારો.
● પાચનશકિતમાં વધારો.
● રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગ ઓછા થવા.
● મગજતેજ અને બાળક ઉત્સાહી બને..
તા.૧૮,૧૯-૧૨-૨૪ બુધ,ગુરૂ બે દિવસ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૫ થી ૮ સુધી
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો..
કેમ્પનું સ્થળ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬ / ૨૨૯૯૦૪



Swara Skin/Hair/Laser Clinic
ડો. ચિરાગ વામજા (એમ.ડી. સ્કીન.)
ઉપલબ્ધ સુવિધાઓ
• મસા • લેસર હેર રીમુવલ
• ખીલ • કેમિકલ પિલિંગ
• ધાધર • હેર ટ્રાન્સપ્લાન્ટ
• ખરજવું • પી.આર.પી. ટ્રીટમેન્ટ
• ખરતાં વાળ • હાઇડ્રા ફેશિયલ
• કપાસી • મીસો થેરાપી
કલરવ હોસ્પિટલ
C/O. કેરીયા રોડ રેલવે અંડરબ્રીજ પાસે, અમરેલી. 92651 07698



SAMBHAAV HOSPITAL
સમભાવ ન્યુરોસાઇકીયાટ્રી કિલનીક
માનસિક રોગોના ખ્યાતી પ્રાપ્ત નિષ્ણાંત
ડો. અંકિત એચ. મોગા M.B., D.P.M. (Pcy.)
મગજ, માનસિક, મનોજાતિય અને વ્યસનમુક્તિના નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
માથાનો દુઃખાવો, આંચકી ને લગતા રોગો, વિચારવાયુને લગતા રોગો, ઉદાસી, ચિંતા, તણાવ, હતાશા, વધારે પડતો ગુસ્સો આવવો, ધુન રોગ, દ્વિધ્રુવીય રોગ, આપઘાતના વિચારો આવવા, બાળકોને લગતા માનસિક રોગ, વૃદ્ધાવસ્થાને લગતા માનસિક રોગ વગેરેની સારવાર
સોમ થી શનિ સવારે : ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડો.ઘડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી
અપોઇમેન્ટ માટે મો.૭૫૬૭૨ ૭૬૩૬૯



ગુજરાત સરકાર
રાજ્યના બહુઆયામી વિકાસ માટે યુવા શક્તિને જોડવાની ગુજરાત સરકારની ઉત્કૃષ્ટ પહેલ
સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ પ્રોગ્રામ
ગુજરાત સરકાર સાથે કામ કરવાની મળશે તક
IIM-Ahmedabadના નિષ્ણાતો દ્વારા તાલીમ મેળવવા અને સાથે ગુજરાતના વિકાસમાં ભાગીદાર થવાની આ પહેલમાં તમારા નવીન વિચારોનું યોગદાન આપવા
શું તમે તૈયાર છો?
અરજી કરવાની મુદત લંબાવવામાં આવી છે
તારીખ: ૧ જાન્યુઆરી, ૨૦૨૫ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી
Academic Partner IIMA
ગુજરાત સરકારનો યુવાઓને આવકાર, કરશે વિકાસના સપના સાકાર
ઓનલાઇન અરજી કરવા માટે
https://spipa.gujarat.gov.in



શુધ્ધ અને પ્યોર શીંગતેલ G-20 નું
શુધ્ધ અને પ્યોર તો દેવું છે માણસનું જીવન તંદુરસ્ત કરવું છે.
અને હા વળી, G-20 નું તો ખરૂ જ, બસ એ માટે પ્યોર શીંગતેલ ખવડાવવુ છે.
અને ત્રીજું ડબલ ફીલ્ટર્ડવાળુ જ આપવુ છે.
બારેમાસ ભરવાલાયક
સમ્રાટ અશોક
MFG & MARKETING by :
ક્રિષ્ટી ઇન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૫/૬, જી.આઇ.ડી.સી., હનુમાનપરા રોડ, અમરેલી મો.૯૪૨૬૯ ૬૩૬૩૩